[illegible]

[illegible]

૬૯૬૭

[illegible]

([illegible])

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ગુર્જરીસુલ્તાન-બાદશાહે-

મહમૂદ બેગડા.

૬૭૬૭

નાટક.

(ઇતિહાસ, તથા-મશહુરદંતકથા, ઉપરથી.)

—(:o:)—

રચી પ્રસિદ્ધ કરનાર.

ખુન્યાગર,-મોટાભાઇ અમુભાઇ—મીર;

મહેમુદાબાદી.

(આવૃત્તિ. ૧ લી. પ્રત ૨૦૦૦)

તા. ૪-૫-૧૫ હીજરી.

નોંછાવર રૂ. ૦—૪—૦ કલદાર.

અર્પણ પત્રિકા.

ઠાકોર સાહેબ શ્રી અમરસિંહજી ઇંદ્રસિંહજી; સંસ્થાન મોગર. તથા ઠાકોર સાહેબ શ્રી ઉદયસિંહજી ભારતસિંહજી સંસ્થાન નહાપાડ.

આપ બંને સરદારોની પવિત્ર શેવામાં આ પત્રિકા અર્પણ કરૂછું તે સ્વીકારશો. અને વિનય પુર્વક વર્ણવુંછું જે, આપ ક્ષત્રીકૂળ અજવાળણ, વેદાંત અને નિતીશાસ્ત્રથી પુર્ણ પ્રકાશિત છો. વિદ્યાવિલાસી, વિવેકસાગર, દિલદરીઆવ, અને દયાળુછો; વળી, દુનિઆમાં જન્મ લેવાના સાર્થકને (ભક્તિને) સાધોછો; ગુણિયલ, ગુણગ્રાહક, અને વિદ્યાઉત્તેજકછો; અને મ્હારા તો વંશપરંપરાના અનદાતારછો. વળી મને પોતાના રૂપિયા ખરચી શહેર વડોદરામાં-(પ્રોફેસર મૌલાબક્ષની ગાયનશાળામાં) **સંગિતશાસ્ત્રની** વિદ્યાનું દાન અપાવ્યું. એ આપે સાચા અને શોખીલા **માબાપની** ઉત્તમ ફરજ બજાવી છે. જેથી હું મારા ખરા અંતઃકરણથી અત્યંત આભારી થયોછું. વળી, આ લઘુ પુસ્તક માટે પણ છપામણીનું સઘળું ખરચ તથા **ઇનામ** બક્ષીશ કરી મુજ શેવક ઉપર ખરો પ્રેમ દર્શાવ્યો; એ પણ આપે પરમોપકાર કર્યો છે. જેથી મ્હારૂં હૃદયકમળ આનંદથી પ્રફુલ્લિત થઇ **આશીર્વાદ** આપેછે, કે, આપની સુખ સમૃદ્ધિની વૃદ્ધિ થાઓ; અને અખંડ **આયુષ** ભોગવ્યાજ કરો. અસ્તુ અસ્તુ—

લી० આપ સુજ્ઞોનો સદા શેવક.

મોટાભાઈ અમુભાઈ મીર.

મહેમુદાબાદી.

સંસ્થાન મોગરના ઠાકોર સાહેબ
શ્રી અમરસિંહજી ઇંદ્રસિંહજીની જનાબમાં

કવિતા.

કબિત—સુરજ કિરન જ્યોંહિં પ્રસરિત જહાંન માંહી;
ત્યોંહી તુજ કીરતકો અચ્ચલ પ્રસારભવ:
જ્યોં હે ધ્રુવ તેજોમય અક્ષય ઉદય હમેશ;
ત્યોંહી તવ તાજ છત્રહુકો જયકાર ભવ:
લાલ રત્ન મુકતાતેં હેં જ્યોં અહસ્થ દધી;
ત્યોંહી લછમીતેં પુર તેરો ભંડાર ભવ:
"મોટલ" બ્રહ્માંડમેં અખંડ જ્યોં સમીર સુધા;
ત્યોંહી અમરેશહુકી આયુષ કિરતાર ભવ: અસ્તુ અસ્તુ.

રાગ મેવાડાની ગજલ (માઢ)

(રંગ માણો મ્હારારાજ—એ રાહ)

આંટાળો ભૂપ અટંકારે બંકો ફુડો અમરેશ; હાં, બંકો.
૧ મોગર છત્રપતી છોગાળો મહિપત મોજ મહેરાણ;
સદભાગી સોહાગી સુણો સોલંકી કુળ ભાણ—રે, બંકો.
૨ સુરત કામ સમાન સલુણી મૂરત પારશનાથ;
છશો શરદ પુનમની નીશે ધડીઓ હાથોહાથ—રે, બંકો
૩ જર તારી શિર પાઘ સુવર્ણી વાંકી ને વળદાર;
આભૂષણ પટકુળ પહેરંતો શોખીલો સરદાર—રે, બંકો.
૪ વાંકડલીજ કલંગી થારી, વાંકડી ધનુષ કમાન;
હેમ જડીત જમઘયો વાંકો, વાંકડલી ખગવાન—રે, બંકો

૫ સંત અને દ્વિજ, સૌ માગણુંને સુખ દેવાને માટ;
સ્વર્ગ પુરીથી ઇંદ્ર પધારી બેઠયો અચ્ચળ પાટ–રે, બ૦ કો.

૬ અમૃત વેદ વચન મુખ બોલે શરા ક્ષત્રી વીર;
ગુણ ગાએ કહી એવું સાચા મનથી "મોટલ"મીર–રે, બ૦ કો.

રાગ કલ્યાણુની લાવણી.

(નોકરી શંકરકી કરના—એ રાહ)

૧ ચટક અલબેલેકી ન્યારી–લટક અલબેલેકી ન્યારી;
અમરસીંઘ મહારાજ ચરણુપર જાઉં બલિહારી ચટક.

૨ રૂપ ગુણ ચાતુરતા બારી–(બે વાર)
રાજ અનોપમ આજ કીરતી જગમેં બીસ્તારી ચટક.

૩ થંભ સતકો ધર્માચારી–(બે વાર)
એક પત્નીવ્રત રાય રહાય હે નિશદીન મોરારી ચટક.

૪ રાગ ખટ રાગનીયેં સારી–(બે વાર)
કાવ્ય કલા રસજાને રાયજી ખુબ હે મતવારી ચટક.

૫ કરે કોતલપર અસ્વારી–(બે વાર)
સોનેરી સબ સાઝ ઝીન મખમલકી શીન્ગારી ચટક.

૬ નવલ બડભુપકી તપધારી–(બે વાર)
કલજુમેં કંકુકર્મી હે બડા દાનકારી ચટક.

૭ કચેરી બેઠક ગુલઝારી–(બે વાર)
ખુશહો "મોટલ" મીર વહાંપર તાને લલકારી ચટક.

સંસ્થાન નહાપાટના ઠાકોર સાહેબ.
શ્રી ઉદયસિંહજી ભારતસિંહજીની જીનાબમાં.

(કવીતા)

કબિત—જ્યોંલોં હે તરનીમેં તેજકો પ્રકાશ બિંબ;
સોંલોં તુજ રાજ તેજ અચ્ચલ રહીબો કરો
જ્યોંલોં હે ધરની ઓર મેરૂવ મહેશ શેષ;
ત્યોંલોં હી હર્ષિત સુખ સંપત સહીબો કરો.
જ્યોંલોં હે અર્શ ક્ષીર સાગર ઓર પૌન સુધા;
ત્યોંલોં નૃપ ઉદલ નિજ આયુષ ગહીબો કરો.
ભારતકો નંદ રહો ચંદ અરવિંદ ત્યોં હ્યોં;
મોટલ યહ દાનીકે સુજ જશ કહીબો, કરો અસ્તુ, અસ્તુ.

રાગ મેવાડાની ગજલ (માઢ)

(રંગ માણો મહારાજ—એ રાહ)

કમધજીયો, કેશર ભીનોરે; અલબેલો ઉદલરાજ હાં, અલબેલો—
૧ તપધારી તખ્તે અવતરીયો ગઢ નહાપાડ સુરેશ;
જશ બોલી મોભી માહીપાંરો જાણે બાધો દેશ રે, અલબેલો—
૨ આદર અમૃત પાંનસો રુડો મહોરો મલણુ પસાય;
વદ વિચન સી સુભ વાણી હસમુખ ચંદ્ર પ્રભાય રે, અલ૦
૩ આંખલડીજ અનોપમ થારી પાપલડીજ હુંભાય;
પરસે પારસરો ગુણ પેખ્યો ક્ષત્રિવટરી છાંય રે, અલબેલો
૪ સત્ય અને શૌર્યજ વશ ગમ્યા વિદ્યા વિનય વિવેક;
લછમીતણો, વિલાસ કરે સુભ અંતર રાખી ટેક રે, અલબેલો.

૫ ભોજ, કરણ, લાખો, અવતરીઓ, કે વિક્રમ, બળિરાજ;
અકબર, કે જગદે" હરીચંદ્ર, શૂરો દાતા આજ રે, અલબેલો.
૬ ભોગી રાગતણો સોહાગી, કાવ્યતણો સુભજાણ;
"મોટલ"મીર તણે હાથ આવ્યો જબરો નાથ જોધાણ રે, અલ૦

રાગ મજકુરની લાવણી.

(કેશરીયાજી આવોરે મ્હારા રાજ—એ રાહ.)

૧ સોહાગી રાયજાદોરે બાંકોરાજ;
રહો ધ્રુવસમો શિરતાજ-સોહાગી—ટેક.
(તાળ દાદરો અંતરો.)

૨ મોજે મિજાજી માણે ઉદેસીંઘરાણો, કરે સદભાગી સુકાજ; સોહાગી.
૩ સ્વર્ગ પુરીજ દરબાર તિહારો, અચળ રહો સુંહીગાજ. સો૦
૪ અશ્વ રૂપાળાં થારાં છમછમ ચાલે, પહેરાવે સોનેરી સાજ. સો૦
૫ ઇંદ્ર કચારી થારી સોહે રંગીલી, રુડા ઉમરાવ સમાજ. સો૦
૬ માગણનેજ સુત સમો ગણે નિજ, પાળે વળી ગરીબ નિવાજ. સો૦
૭ કળાયુગમાંહી સુભ કર્મી તું પાક્યો, ગાએ "મોટલ" ગુણ આજ સો૦

સંસ્થાન સોગરના ઠાકોર સાહેબ શ્રી અમરસિંહજી ના કારભારીનો (દોહરો.)

પ્રધાન રૂડો પારખ્યો, શુંજ વખાણું વાહ; ! !
ટોડરમલ અવતાર લઇ, જનમ્યો **જીવાશાહ.**

સંસ્થાન નહાપાટના ઠાકોર સાહેબ શ્રી ઉદયસિંહજી ના કારભારીનો [દોહરો.]

કારભાર રૂડો કરે, ગોવર્ધન્ન વઝીર;
જાણે બેશક જનમિયો, બુધસાગર બલબીર.

પ્રસ્તાવના.

પ્રિય ? ! ! આર્ય ગૃહસ્થો હું આપને નમ્રતા પુર્વક અરજ ગુજારૂં છું જે આપનું મનરંજન કરવા આ મ્હારી અલ્પ મતીથી નાનકડી નાટકનું પુસ્તક રચ્યું છે. તેમાં કાંઈ ભૂલચૂક હોય તે સુજ્ઞ બુધસાગર વિદ્વાનો મ્હારો પ્રથમ પ્રયાસ જાણી સુધારી વાંચશોજી એજ મ્હારી ખાસ વિનંતી. લી૦ આર્યજનોનો શુભેચ્છક સેવક.

બુન્યાગર, મોટાભાઇ અમુભાઇ મોર; મહેમુદાબાદ.

ઠાકોર સાહેબ શ્રી દાદાસાહેબ સૂરજમલજી. સંસ્થાન ઘોડાસર.

(આપની જનાબમાં કવિતા.)

કવિત–અનુપમ દીદાર તેરો, દેખત જો પ્યાર ધરી;
વાકે હજાર ભારી સંકટ બિસરાતે હે.
શ્રવનકરત જો તુઝ મુખકી મધુરબાંની;
જેસેં શુધ સુધા હુતે શ્રવન સિંચાતે હેં.
પરસે જો તેરે કર પંકજ પવિત્ર સોં વોહ;
"ગોટલ" સદ્ભાગી નર્મદા બીચ ન્હાતે હેં.
રાજા ધિરાજ દાદાસાહેબ તુઝ નિધા હુતે;
કવિયન દિન મંગન કે દારિદર જાતે હેં.

સુપાત્રો.

મહમૂદબેગડો... ... ...ગુજરાતનો બાદશાહ
ચાંદખાંબેગમ... ... ...બાદશાહની પટરાણી.
મહાફિઝખાંન... ... ...મહમૂદશાહનો વઝીર
મલિકસિહાદ... ... ...બાદશાહીલસ્કરના સૈન્યાધિપતી
મલિકકાલુ (ઉર્ફે ઇમાદુલ્મુલ્ક) ... ...બાદશાહના અમીર
મલિકલાઝ (ઉર્ફે અજદુલ્મુલ્ક) ... ...અમીર
મલિકસારંગ (ઉર્ફે મખલિસુલ્મુલ્ક) ...અમીર
નજમુદ્દિનસાહેબ... ... ...બાદશાહના કાઝીસાહેબ
તાજખાંન ... ...લશ્કરીઅમીર
નિઝામખાંન ... ...લશ્કરીઅમીર
મીરહુસેન. ... ...ગવૈયો, બાદશાહનો મિરાસી.
ભીમાબારોટ... ... ...બાદશાહનો કવી
શોસન–રોશન ... ...બેગમ સાહેબની દાસીઓ.
પિરોઝકુંવર ... ...મહેમદાબાદની કસબણ.
રા'મંડળીક ... ...જૂનાગઢના રાજા
તન્સલ ... ...રા'મંડળીકનો પ્રધાન
સંગ્રામસિંહ... ... ...સૈન્યાધીપતી જૂનાગઢના
નાગબાઇ ... ...મોણીઆ, ગામની ચારણીઆણી
નેતબાઇ ... ...નાગબાઇના દીકરાની વહુ
ગુરુદત્તાગર... ... ...એકવાઘજોગી.ગિરનારની ગુફાના
બામળ બારોટ. ... ...રા'મંડળીકનો કવી
કાનીઓરાત... ... ...જૂનાગઢનો વાણંદ
સુંદરબા... ... ...રા'મંડળીકની પટરાણી

કુંદન–કેશરી... ... ...સુંદરબાની દાસીઓ
કમળકળા. ... ...રાંમંડળીકની ખાસી કસબણ
જયસિંહજી—(પતાઇ.) ... ...પાવાગઢના રાજા
ડુંગરશી–સુર.. ... ...પતાઇ રાજાના પ્રધાનો
રણજીતસિંહ... ... ...પતાઇ રાજાનો સૈન્યાધિપતી
સુરજબા... ... ...પતાઇ રાજાની રાણી
વિવેચના. ... ...સુરજબાની દાસી
કાળકામાતા... ... ...એક દેવી પાવાગઢની.
બ્રાહ્મણો... ... ...ચાંપાનેરના
મદનકળા. ... ...પતાઇ રાજાની ખાસ કસબણ
પ્રતિહારો નોકર ચાકર વિગેરે વિગેરે...........................

——:o:——

રૂપનો પરદો.

(પરદો ઉઘડે છે અને સુત્રધાર પોતાના હાથમાં તંબુરો લેઇને ગાય છે)

સુત્રધાર— **રાગ દરબારીકાનડો–તાલ ત્રીતાલ**

(સુંદરતાગોરે ધારુઆના–એ રાહ)

આનંદ કંદ સુખદાતા–(બેવાર) તેં કીરતાર સકલ જગ ત્રાતા;
આગમ નિગમ સબખલપાલીથલ; સુરસુર દીપલાતા આનંદ.
તીન લોક તેરો નામ જપત બાસરનીત શેષ, મહેશ, સરસ્વતી—
સુમતી–દેઅતી–જગપતી તું; પાકજાત, પરવર દીગાર
નીનીધપમગ–આનંદ કંદ–(તાન) નીસરીગ, રીગમપ,
ગમપધ, મપધની, સનીધપમગ–આનંદ.
રીગરીસનીનીધપ, મગમમગ–આનંદ.
"મોટલચુંતવધ્યાન ધરતહૈ; સુમનસાથ ગુનગાતા–આનંદ."

હે ! અકળીત કુદરતના સચરાચર રહેલા પર્મેશ્વર, ત્હારા ગુણુ-નો વર્ણુન કરવા મ્હારી મતી અલ્પ છે. આ જગતમાં એવો કોણ છે જે,ત્હારી કુદરતનો પાર પામે.! ! બસ, બસ.! ! કોઈ નથી ત્હારા શી-વાય પ્રાર્થના લાયક. ! ! ત્હારા ભેદ તું જાણે છે. એ કરોડ વાતની એક વાત છે. હે ! ! ગહન ગતીવાળા, ! ! તું હમને સુમતી આપવા સમ-ર્થ છે. માટે આ નીતિવાન સજનો ઉપર ત્હારી કૃપાના કિરણો સહી-ત સુધાદ્રષ્ટિ કર, જેમ આ રંગીત સુશોભિત પુષ્પ (એમ કહી ફુલ-ની વૃષ્ટિ કરી જાય છે. એટલામાં.)

નટી-(આવે છે. અને પોતાના પતીને કહે છે.) પ્રાણજીવન. ! ! આપ શો વિચાર કરોછો ? ! જમવાનો સમય થઈ ગયો છે. માટે પધારવા તસ્દી લેશો. ? !!

સુત્રધાર—શી રસોઇ કરી છે પ્યારી. ? !

નટી—પ્રાણનાથ આજતો કેશરી ભાત, પુરણપુરી અને બે શાક એજતો. ! !

સુત્રધાર—વાહવાહ ! ! વાહવાહ ! ! ધન્ય છે. મ્હારી કમળનેત્રી.

(વિદુષક આવે છે.)

વિદુષક—વાહવાહ !! આજ મને પણ ધન્ય છે. (સુત્રધારને ક-હે છે.) કેમ મહારાજ ! ! આજતો કંઇ સુખસાગરમાં ગરક થઇ ગ-યાછોને શું ? ! !

સુત્રધાર—અલ્યા કોદાળ તું ક્યાંથી આવ્યો કીયા જાળામાં આપે વાસ કર્યો હતો. ? !

વિદુષક—હાળદાળ શું કરવા કહોછો. ! ! મિષ્ટાંન કહોની–પકાન્નોને લાડવા તો બહુ વ્હાલા હોય.

સુત્રધાર—એતો ખઉં પણ ઠીક થયું કે તું આવ્યો, હું એક આજ નાટકનું કામ કરૂંછું તેમાં તારો ખપ છે. !

વિદુષક—શો ખપ છે મહારાજ. ?!! કાંઇ લાડવા, માડવા, બણાવવા છે? જો તેમ હોયતો, આ બંદાના હાથ ધોએલા છે. (હાથ દેખાડે છે.) જુઓ? છે, રીંછના પહુંજેવા!!

સુત્રધાર—મિષ્ટાંન સામગ્રીતો સર્વે તૈયાર છે. પરંતુ આ નાટક ભજવવાના કામમાં તું સભાસદોને હાસ્ય વિનોદ કરી ખુશી કરજેહો?!!

વિદુષક—અહોહોહોહો.!!! એમાં તે શી મોટી વાત-હું જનમ્યો ત્યારે મને જોઇને મ્હારી **દાઇમા** પણ હશી પડી હતી; કારણકે આવી છબી જોવાને દુર્લભતો.!!

નટી—(સુત્રધાર સામું જોઇને) પ્રાણપતી?!! એ ખરું કહે છે. એની બાઘડ બિલાડાજેવી આંખ્યો કહે છે તો.!!

વિદુષક—ચુપચુપ મની,?! તને કોણ બોલાવે છે. ને વચમાં બોલે છે-ત્હારી આંખ્યો ઢબર માછલીના નાના બચ્ચાં જેવી છે. તે આમથી આમને આમથી આમ ફેરવે છે. તેજ જાણુંછે કે શું.?! પણ યાદ રાખજે કે મ્હારી પાસે **જાળ** છે.!!

સુત્રધાર—બસ બસ!! બેવકુફ ત્હારું **દફતર** લપેટ.!!

વિદુષક—ખરૂં કહોછો. મહારાજ; હું બેવકુફજછું. તમે આવા ડાહ્યાછો પણ તમારી પાસે એક વકુફ, અને હું બે વકુફનો **વિલાસી**, ઓ, યસ.!! જો એમ ન હોયતો, તમારે મારો ખપ પડે.!!

સુત્રધાર—બસ હવે બકવા મુક, ખરેખરું કહે, આવીશકે નહીં-?!!

વિદુષક—મારા મનગમતો-મશાલો; ભોજન સામગ્રી હોયતો, આ ફાંકડોરાવ, આપને ત્યાં પધારેતો પધારે-!!

સુત્રધાર—શી સામગ્રી જોઇએ છીએ. કહે.?!!

વિદુષક—એક કાને થઇને સાંભળો-,

ગીતીછંદ.

સાત શેરની શેવો, ઓમાંતર ભરતી હોએ ઓણી;
ગટકાગટક ગળામાં ઉતારી દેઉ મેવાસંગ વીણી.

માટે સાંભળ્યું ? જેમ ડાહ્યા માણસોને સદ્ વાકયોને સારી શીખામણ ગળે ઉતારતાં વાર ન લાગે. તેમ હું પણ શેવાનાં કોળીયા ગટાગટ ઉતારી જાઉં. ! !

સુત્રધાર—બહુ સારૂં તારી મરજી મુજબજ તને ઓણી રૂમાલી શેવા મેવાદાર મળશે. કેમ રાજી થયો કે નાહીં—? ! !

વિદુષક—વાહ મહારાજ, વાહ—નામ લેતાંજ મોઢામાં પાણી આવે છે કેમ. ? ! ! ખુશાલીને માટે એક ગાનત ગાઈ લેઉં.

રાગ પીલુ—તાળ એક તાલો.

(મેરીકબ્બાપરી એ રાહ.)

કાળી કુબજાનાવર—(બેવાર) નમુછું તમને પ્રણામથી.
કુબજાએ કાળીને તમોએ કાળા, કાળી રાત માણો આરામથી—રે-કાળી,
મારી પ્યારી પણ કુબજાથી રૂડી,—(નટી સામી આંગળી કરીને.)
કુક-કુક-કુક-સજ્જનને કહુછું સલામથી રે-કાળી-

લો મહારાજ, હવેતો હું જઉછું હોકે ! ! કારણ કે મ્હારી પાડી એકલી રડતી હશે. અને કહેતી હશે કે ક્યારે પાછા આવે જેમ ત્રાંબાનો રૂપીઓ પાછો આવે છે. જુઓ વિચારોકે જેમ ત્રાંબાના રૂપીઆની છત આ જગતમાં થોડી છે. તેમ આવા ફાંકડારાવની પણ થોડીજ છે. લો ? ! હવે હું જાઉછું હો ? તમો વહેલા ગપ્પડજો (વિદુષક જાય છે.)

નટી—(સુત્રધારને) પ્રાણજીવન આ રંગ ભુમીમાં આટલી બધી ધામધુમ શી છે. ? તે આપ આ દીકરી આગળ કૃપા કરી અયાં કરશો?

સુત્રધાર—પ્યારી !! સાંભળ; આપણી આ અનોપમ ગુજરાતના મહા પ્રતાપી વિજયી સુલ્તાન **મહમુદ** બેગડા જે, હી૦ સ૦ ૮૬૩ ના **શાબાન** મહીનાની પહેલી તારીખે તખ્તનશીન થઇ બાદશાહી પોશાક ધારણ કરી સલતનત સ્વીકારી; તેમના ગુણ સાંભળવાને માટે, આ સદ્‌ગૃહસ્થો અહીં પધાર્યા છે. સાંભળ—

રાગ સીંધ ભૈરવીની ગજલ.

(હમતો આશક હૈ તેરે ન્યાઝ કિસને વાલે–એ ચાલ.)

નાટ્ય એક **બેગડા**નું થાશે, આ રંગ ભુમી મહીં;
જોઇ સભાજનો હરખાશે આ રંગ ભુમી મહીં.
જે મહમુદ બેગડાએ સ્થાપ્યું શહેર **મહેમુદાબાદ**;
તે બાદશાહના ગુણ ગવાશે આ રંગ ભુમી મહીં;
શાહના જન્મ **ચરીત્રો** ને સુપાત્રો આજે;
સંગીત કળા થકી સુભ ગાશે આ રંગ ભુમી મહીં;
એવું મેં સાંભળ્યું તે થકી એકદમ હમણાં;
આવ્યો સુણ પ્યારી હું હુલાસે આ રંગ ભુમી મહીં.

રાગ તથા તાલ મજકુર.

નટી— સાંભળો પ્યારા હાં સુખેથી આ રંગ ભુમી માહીં;
ગાશે સુપાત્રો જે મુખેથી આ રંગ ભુમી મહીં.
સર્વે સદ્‌ગૃહસ્થોના ઉગરમાં વાધશે ઉછરંગ;
હશે ન કોઇ પણ દુખેથી આ રંગ ભુમી મહીં.
સુત્રધાર—થયું પ્રકાશ તેજ અંધકાર નાશ થઇ;
પુનમી **ચંદ્ર** સમ રુપેથી આ રંગ ભુમી મહીં.
જોઇ ખુશ થાઓ સરો શ્રેજ જાણે હીમતું તું;

કનક કળસ ઉપર ઝુમેથી, આ રંગ ભુમી મહી.

નટી—પ્રાણપતી સુખ વિલાસનો સમય નજીક આવ્યો છે મા-રે પધારો.

સુત્રધાર—ખરું શશી વદની જેમ જેમ રજની જામવાથી ચંદ્રની જોત વધે છે; તેમ તેમ પ્રીતીની દૃઢાઇ થતી જાય છે. પણ એક ગાયન, પ્રભુની સ્તુતિ વિષે ગાઇએ;

રાગ પટમંજરીની ગજલ.

(દીલકી આતીશ કે નહીં કોઈ બુઝાને વાલે એ રાહ.)

આરાધું હે પ્રભુ પ્રથમ તુંને પ્રણામ કરી;
કરો હર્ષિત મુંને સીધ્ધ મારૂં કામ કરી. આરાધું.
ઘણી ખુશીથી કરું આપની હું શેવા પ્રભુ;
રાખો તુમ ચર્ણ સમીપે મુને ગુલામ કરી. આરાધું.
સુમતી દીજો અતી ધ્યાન તમારૂંજ ધરૂં;
સ્વર્ગમાં જે થકી રહીએ અમે આરામ કરી. આરાધું.
હવે આ નાટયના પાત્રો સજાવવાને તો;
જાઉછું સકળ સભાને હું **રાંમરાંમ** કરી. આરાધું.

(સઘળા જનોનેસ લામ કરીને જાય છે. અને નટીના ખભા ઉપર) (હાથ મુકીને ગાય છે.)

રાગ કલ્યાણ તાલ ત્રીતાલ.

(નિશ પીયા બીન પલક ન લાગી એ રાહ.)

ચાલો ચટકીલી નાર નાર (બે વાર)
તુજ રુપ અનોપમ **જોબન** સાર

નટી—હૈયાહાર, તમ પ્યાર નિહાળી

મુદિત થાઉં દીન આનંદ ગાળી.

સુત્રધાર—લટકાળી તું-મટકાળી તું.

નટી—રસીક સુધા રસ આપનાર.

સુત્રધાર—ચાલો ચટકીલી નાર—નાર;
તુજ રૂપ અનોપમ જોબનસાર—ચાલો.

(પરદો પડેછે.) (જાય છે ખભા ઉપર હાથ મુકીને.) (પરદો ઉઘડે છે.)

અંક ૧ લો પ્રવેશ પહેલો.

(મહમુદશાહની કચેરી અમીર ઉમરાવો સહીત)

(જડીત્ર તખ્ત ઉપર બાદશાહ બીરાજમાન થયાછે. ચમર ઢળી રહ્યાં છે. સાચા મોતી અને જવાહીરોથી જડેલો સોનાનો છત્ર તાજ ઉપર ધ્રુવની પેઠે શોભે છે. મહમુદશાહ મલિકસિહાદ-મહાફિઝખાંન-નજમુદ્દિનસ્વાહબ મલિકકાલુ, મલિકહાજી, મલિકસારંગ, તાજખાંન વગેરહ—વગેરહ.)

મહમુદશાહ—સુભાન અલ્લાહ ! ! કયા કુદરતે પરવરદિગાર આઝીમહય. ! ! ! જહાં દેખીએ મોજુદહય, બેશક વોહ રબ્બે વદુદહય; જારી હમેશાં ઉસ્કા દરિયાએ જુદહય; હરેક અદના વ આલાકા મતલબ બરારહય ન કોઈ શય ઉસ્સે નિહાંહય; માલિકે સિર્રો અયાંહય,—

આશાઆર.

હમ્દ બેહદ હસ્ત પાબિત મર તુરા,
તું રહીમી તું કરીમી તું ખુદા. ૧
હય તમામી હમ્દ તુઝકો અય ઇલાહ,
મુઝકો દુનિયામેં બનાયા પાદશાહ. ૨
ઝેર ફરમાંમેં મેરહેં ખાસોઆમ.

દીદું મુઝકો ન્યામતેં તુને તમામ. ૩
હમ્દ તેરી કીસ્તરહ હોવે અદા,
હય તેરે ફુરમાનમેં શાહોગદા. ૪

કયું. ! ! કાઝીસ્વાહબ, ! ! આપ બી કુછ ઉસ્કી **તોહીદ** બયાન કીજીએ. ! !

કાજીસ્વાહબ—બેશક ખુદાવિંદ, ! વોહ અહકમુલ્હાકેમીન, અરહમુરાહેમીન હય વોહી રબ્બુલઆલમીનહય કયું ભીમાબારોટ ? તુંમકો ઉસ્કીશાન મેં કુછ કબિત યાદ હોતો સુનાઇએ.

ભીમાબારોટ—ખુદાવિંદ, તેની કુદરત વિષે એક કવીત છેકે–

(હાથ બાંધકે) **કવીત**

આ જીઝકી અરજી અબ સુનલો ઇલાહી આપ;
અબ્દપે અબાર નીકે અહલક અયાં દરો. ૧
હાકિમહિલહાકિમ હે બન્દનકી હુલાસ મોકું;
હવસ હે હમારી હોશ દે કર હયાગરો. ૨
દુઃખ ઓર દારિદ્રતાકો દાટદો મયાલ મેરે;
દીનકે દયાલ આપ દિલમેં દયા ધરો. ૩
"મોટલ" બનંત માલિક મુસ્કીલ મિટાવ મેરી;
માલેકુલમુલ્ક **માલા** મુઝપર મયા કરો. ૪

નજમુદીન—જહાંપનાહ, યહ કબિત બી બ માઅની હુઆકે હય.

ભીમાબારોટ—હા અનદાતાર, હવે તે **વ્યાપિક** શી રીતેછે. તે વિષે શ્રવણ્ કરો. **કબિત.**

દિનકર હુતાશ જેસે પહોપન સુબાસ જેસે;
ગન્ના મિઠાસ જેસે બટરસ ફલ પાકમે.

લોચન પ્રકાશ જેસે પ્રાનીજી ખાસ જેસે;
જગ પૈના ભાસ જેસે પાવક ચકમાકમેં.
મહીયન ધી છાશ જેસે ધરની નિકાસ જેસે;
ચંદા સુધાસ જેસે બિજહે ફીટાકમેં.
તેસે રબબ્યાપિકહે ચૌદહી તબાક માંહી,
બ્યાપિક હે સ્વાસા જયોં **મોટલ** મુખ નાકમેં.

મહમુદસાહ—વાહવાહ!! એસાહી વાકઇ સબીચીઝમેં વોહ હય: કાઝીસ્વાહબ. ? યહ કબીતકા તરજુમા કરો. તાકે સબ ઉસ્કા કમા **હક્કહુ** સમઝ સકેં ઓર ઉસ્કા **શુકરીયા** અદા કરેં.

(નજમુદ્દિન સ્વાહબ સુનાતેહેં.)

નજમુદ્દિન—બહોત ખુબ જહાંપનાહ!! ઇસ્કા યહ તરજુમા હયકે દીનકર હુતાશ જેસે યાને આફતાબમેં ગરમી, પહોપન સુબાસ જેસે યાને ગુલકે અંદર ખુશબો, ગન્ના મિઠાસ યાને ગન્નેકે અંદર નબાત, ઓર ખટરસ ફુલ પાકમેં યાને તીખા, મીઠા, કડવા, મોલા ખટ્ટા, ખારા યહ છેરસ જેસે પમરમેં ઓર ખોરાકમેં રહે હુવે હેં ઇસી તરહ પાક પરવર દીગાર ચૌદહ તબકમેં વાસીલ હય ફીર લોચન પ્રકાશ જેસે યાને સબ ચીજકી રોશની ઝમીનપર યા કીસી ચીજપર પડતીહય પર કીસી જાનદાર કે ચશ્મકી રોશની કીસી જાગે માલુમ નહીં હોતી. ગાયબહય પ્રાની જી ખાસ જેસે યાને કીસી જાનદારકા જાન, જગ પૈનાભાસ યાને કુલ મખલુકાતમેં હવા, પાવક ચકમાકમેં, યાને આતીશ જયોં સંગમેં રહી હય, એસેં પરવરદીગાર ચૌદહ તબકમેં હાઝીર વ નાઝીર, હય. મહીયન ઘી, છાશ યાને દૂધકે અંદર રોગને ઝર્દ ઓર દહીં, ધરની નિકાસ યાને ઝમીનકે અંદર કી

સમકીસમ કે શજરોષમર, ઓર ફાનિયલ હય, ચંદાસુખાસ, યાને માહતાબકે અંદર એક અજાયબ નાદિર ચીઝહય. (ઉસકો બેદમેં અમૃત કહેતેહેં) બિષહે ફ્રીટાકમેં યાને હીરાકની, હીરોંમેં જેસે ઝહરેકાતિલહય: ઇન સબ ચીઝોંકે ખ્વાહ્નિક, બાસેકુલ્મુલ્ક, અહેરસમાવાતમેં મોજુદહય જેસે આદમકી નાક ઓર મુંહમેં દમ ચલ રહાહય બસ!!

મહમુદશાહ—બેશક બજાહય જો તુમને કહા!! મીરહુસેન?

મીરહુસેન—(હાથ જોડકે ખડેહોકે) જીવે જહાંપનાહ!! બાદશાહુકી હઝાર સાલ ઉમર દરાઝ.

મહમુદશાહ—ભલા રાગ હય સો ક્યા ચીઝ હય.?

મીરહુસેન—ગરીબ પરવર,!! આદમકે ગલેસે સીને ઓર ગેહરે, કીસમ કિસમકે આવાઝકા ઉલટસુલટ નિકલના ઉસકો રાગ કહેતેહેં એક કીસમકા આવાઝ ગેહરા, આદમકી નાકસે નિકલતાહય તો ઉસ આવાઝકી પહેછાન કે વાસ્તે ઉસકા નામ “ષડજ” સુર રખા ગયા જેસા કહ—“સા” અબ દુસરી કીસમકા આવાઝ પેટકી થેલીસે નિકલતા હય ઉસકી પહેચાનત કે વાસ્તે ઉસકા નામ “ઋષભ” સુર રખા હય જેસાકે “રી” ફીર તીસરી કીસમકા આવાઝ જો આદમકે જીગરસે નિકલતા હય. ઉસકો “ગાંધાર” સુર, ચોથી કીસમકા આવાઝ આદમકે સીનેસે નીકલતાહે. ઉસકો “મધ્યમ” ઓર પાંચવાં સુર આદમકે ગલેસે નિકલતા હય. ઉસકો “પંચમ” સુર કહેતેહેં. ઓર છઠ્ઠી કીસમકા આવાઝ તાલુસે ઝપટાતા હુવા નિકલતા હય ઉસકો “ધૈવત” સુર કહેતેહેં ઓર સાતવી કીસમકા આવાઝ નાકસે બીલગ કર નીકલતા હય, ઉસકો “નિષાદ” કહેતેહેં; યહ સાત કીસમકે આવાઝ એકસેએક ઝોરસે નિકલતે હેં, ઓર ગેહરેસે બારીક હોતે ચલે જાતે હેં અબ યહ કીસમ કીસમકે આવાઝકા ઉલટસુલટ નીકલના ઉસકો રાગ કહેતેહેં. પરવર દીગાર કાદર કુદરતવાલા હય. ઉસને આદમકે દસ-

મમેં સુર ઓર, તાલ રખે હુવેહેં જેસાકે, આદમકા ચલના પાઉંકા ઉઠાના. "એકદો એકદો" કભી ચલનેમેં આદમ તાલસે નાવાકિફ નહીં બગેર તાલસે કીસીસે ચલા નહીં જાતા ઓર બગેર સુરકે આદમીસે બોલા નહીં જાતા, કોઈભી તરેહકા આવાઝ સુરસે બાહેર નહીં. હઝરત સલામત.!!

મહમુદશાહ—રાગસે પાક પરવરદીગાર, ખુશ હોતાહય યા નહીં?

મીરહુસેન—જહાંપનાહ!! મેરી અકલ મુઝે યહ કહેતીહયકે. પરવરદીગાર રાગસે ખુશ હોતેહેં કયું કેહ કૌલહુકા ફીરના, ખુશ્ક પેડકાહરાહોના. પત્થરકા પીગલના, બારીશકા બરસન, ચિરાગોંકા, ખુદબખુદ જલના, ઓર હીંડોલા હલના, યહસબ બાતેં ખુદાપાકકી નીધા સીવાય, આપસે આપ હોના મુમકીન નહીં.

ઇસલીએ યેંખ્યાલમેં આતાહય, કેહ દુનીઆકે સબ ફંદોસે દૂર હોકે ઇબાદત ઓર એતેકાદ, ઓર તસબ્બર કે સાથ જનાબ સરવરે કાયનાત કીશાનમેં ગાના ગાએતો બેશક પાક પરવર દીગાર ખુશ હોકે બંદહપર રહેમ કરકે દીલકી મુરાદ બર લાતાહય ઉસમેં શક નહીં જહાંપનાહ.!!!

મહમદશાહ—બેશક એતેકાદ બહોત બડી શય હય?!! કાઝીસ્વાહબ.?!! મેરે રાજમેં ઇલ્મકી કીસતરહ નિશવનુમાહય, ઓર હુનરકી કયા બુદોબાશહય.

નજમુદ્દિન—જહાંપનાહ શહેરમેં સબ મદરસોંમેં કુલ મુદર્સોંકો તાકીદ કરતાહું કેહ કુલ લડકે ઓર લડકીયોંકો જોકે તાલમે દીલ સહે ઉનસબકો બરાબર તાલીમ વ તરબીયત કરેં, પઢાવે, સબબકે ઉન્હી તબીયત કુંદ ઓર દીકહોને ન પાય અલાહાઝીલ કયાસ કુતુબખાનેકીભી બરાબર તજવીઝ રખતાહું.

મહમુદશાહ—અગર ઇલ્મકા આદમી કેસા હોતાહે ? ! ! મહા ફીઝખાંન ! ! !

મહાફીઝખાંન—ગરીબપરવર ! ! બેઇલમ આદમી એસાહોતા હય. જેસા આફતાબ બગેરકા દીન જેસી માહતાબ બીનાકીરન ચિરાગ બીનાકા ઘર, જેસા ચમક બીનાકા હીરા જવહરાત, બગેર ફુલ ફલ પનોંકા ઝાડ, ઓર વોહ કભી ખુદાકો પહેછાન નહીં સકતા બકોલ શેખ, સાદીશિરાઝી.

બેત.

પએબઇલ્મ ચું શમ્એ, બાયદ ગુદાખ્ત;
કેબેઇલ્મ ન તવાં, ખુદારા શનાખ્ત.

મહમુદશાહ—વાહવાહ બેશક બેઇલ્મ આદમી ખુદાકો નહીં પહેછાન સકતા. કાઝીસ્વાહબ ?!! તો અબી મેરે રાજમેં ઉલ્મા વ ફુઝલાકીત્તેહેં ?!!

રાગ પહ મંજરી કીગઝલ.

નજમુદ્દિન— (મરહબાસૈયદે મક્કી મદની ઉલ અરબી યહ તર્ઝ.)

આપકે દોરમેં ઇલ્મો હુનરકા પાર નહીં
નહીં જાહિલ નહીં નાદાં કોઇ બેકાર નહીં
ચેનહીચેન હે કોઇ સુરતે અદબાર નહીં;
ઇલ્મસે ખાલીહો એસા કોઇ ઘરબાર નહીં
કહા જાતા નહીં એક દસ કેહ સો હઝાર નહીં;
યહાં હુશિયાર ઇલિમદારકા શુમાર નહીં.
બાદશાહ દેહલીકે કુછ આપસે હુશિયાર નહીં;
લેના ઉસ તખ્તકા કુછ આપકો દુશ્વાર નહીં.
કુરાન પઢને સિવા મકબરોંમે કાર નહીં;
સિવા ચિરાગ કોઇ પીરકી મઝાર નહીં.

ઝુલ્ફકા દખ્ખલ હોએસે યહાં નર નાર નહીં;
દુઝદો રહેઝન બી નહીં ઓર હય મકકાર નહીં.
ગીબતો દુઝદી નહીં ઓર ઝિનાકાર નહીં;
મહેમુદાબાદમેં કોઇ ગમસે દિલઅફગાર નહીં.

મહમુદશાહ—વાહવાહ !! વાહવાહ !! બડી સઇ વ કોશીશસે તજવીઝરખતે હો. !! લેકીન.

રાગ શામ કલ્યાન ગઝલ.

(મહોબ્બત ગેરસે મેરી છુડાદો યારસુલિલ્લાહ એ રાહ.)

દુહાઇ કીસતરહ ચલતીહે મેરી રાજધાનીમેં દુહાઇ.
કીયા મહેમુદાબાદ આબાદ મેરી નવ જવાનીમે;
અમીરો ઓર વઝીરો સબ કહો ઇસકા બયાં મુઝકો,
કે રહેતેહો તુમ આઠોં પહેર મેરી પાસબાનીમેં દુહાઇ.

મલિકસિહાદ—તુમારે રોબસે મહેસુલસારી બરતીહે ગુજરાત;
કે આસકતે નહીં **દેહલીકે** સુલ્તાં આપસાંનીમેં

મહાફિઝખાંન—શરમખાતેહેં શમ્સો ઓર કમર દેખ આપકી સુરત
હય એસાનુર જેસાથા વો યુસુફે કીન્આનીમેં. દુહાઇ

મહમુદશાહ—વાહ !! ઇસમુલકકાહાલ સુન્નેસે દીલકો કમાલ તસલ્લી હુઇપાબિતહુવાકેહ મુલકમેં કીસી તરહકા જુલમ નહીં સબ દાદો ઇન્સાફસે આબાદહય—મલિક સિહાદ !!! મેરે લશ્કરકા કીસ્તોરસે એહતમામ હય ? ! !

મલિકસિહાદ—હસ્બુલહુકુમ આપકે દશહઝાર શમશીરેં અરબસ્તાંનસે મંગાઇહેં ઓર પુરાની તોપોંકો આરાસ્તાપેરાસ્તા કીયાહય. જહાંપનાહ !!

રાગ પરજ મંજરી તાલ ગઝલ.

(ઘરસેં યાંકોન ખુદાકે લીએ લાયા મુઝકો યહ તર્ઝ.)

શાહે ગુજરાત ખુદા તુઝસે સદા શાદ રહે;
દોર અખ્લાક તલક યાખુદા આબાદ રહે. શાહે.
આપકે લશ્કરે ઝુજાહકા એસાહે બયાં,
ફીલકો દેખકે બસ કોહભી બરબાદ રહે.
કહેતાહે ચીખકે હરબાર વોહ સર અપના ઉઠા;
ચીર ડાલુંગા હરેક દુશ્મને શેહ યાદ રહે.
અસ્પ વોહહેં કે જહાં મેં નહીં સાની ઉનકા;
વકતે જંગ દોડેતો આગેહો પીછે બાદ § રહે.
ઉંટ ગરદનકો બુલંદ કરકે યહ કરતેહેં દુઆ;
દોરમેં શેહકે હો સબ શાદ ન ફરીયાદ રહે;
ખંજરો, તીરો, સીના, નિમચહ, વ ગુર્જો ગિરાં;
કબ્જસે દેખકે હેરાન, હો શદ્દાદ* રહે.
હાયઝ્રસ્વકતકે તલવારેં દીખા જાએં ચમક;
હોંશ ઉડ જાય અદુકે ન ખડા આદ* રહે.
તોપેં કહેતીહેંકે હુંશિયારહો અયશેહકે અદુ;
હમ ચલેંગેરતો નઝનહેવ પરીઝાદ રહે;
ફોજ તૈયારહેં, સબ આપ લીએ ગુર્જો સિના;
મારેં ઉસ ફોજકો જો શાહસે નાશાદ રહે.
હૈયત રૈયતકી દુઆ શાહ તેરે હકમેં સદા;
જો અદુ તેરાહો વોહ ખ્વારહો બરબાદ રહે.

---

§ પવન. * એક ખુદાઇદાવો કરનાર બાદશાહ.
* એક મહા જોરાવર પેહેલવાન.

મહમૂદશાહ—વાહવાહ !! તુમ્હારી ઇસશુક્તારને મેરે સાથ એસા કીયા, જેસા બારીશ ઝમીનકે સાથ;ઓર નસીમસેહરી ગુલકેસાથ; વાહ, !! જો લોગકે જાંબાઝ હે, વોહ ઇસીતરહ અપને અપને કામકે ઉપર તુર્કી તાઝહેં; અપની નમકહલાલીસે પાદશાહકે દિલકો ખુશનુદ રખતેહેં !! મીરહુસેન ? !! અભી તુમારા રાગ કયા કરતાહય ?

મીરહુસેન—ગરીબપરવર ! હમારા રાગ અભી ઝેવર લિબાસ પહેનકે અત્તર લગાય હુવે હુઝુર કે સામને હાથ બાંધકે ખડાહય.

મહમુદશાહ—વોહ કહાંહય દીખાવ ? !

મીરહુસેન—ગરીબ નિવાઝ રાગકા રૂપ આંખેં નહીં દેખ સકતીં કાન દેખ સકતેહેં. અત્તરકા પહેછાન્ના આસાનહય, મગર રાગકા પહેચાન્ના મુશ્કીલહે ગરીબ પરવર !! અત્તરકી પહેચાનત નાકકો હે, ઓર રાગકી પહીચાનતકાનકો હય. ! અલગરઝ વોહ કાન પહેચાનતેહેં, જીસકાનકો ઉસકે ફુલકી પહીચાનતહય જેસાકે "**સ, રી, ગ, મ, પ, ધ, ની.**" યહ ફુલ આંખસે દીખાઇ નહીદેતે; મગર કાનસે દીખાઇ દેતેહેં, કયુંકેહ ઇસ્મેભી પરવર દીગારકે બેદહેં. જેસાકે બકોલ શખ્સી

અશઆર.

આંખસે કબ કાનકા હોતાહે કામ;
હોંટકા કબ લે સકે હે, નાક નામ.
પાઉંકા કબ કર સકે હે હાથ કામ;
કયા તેરી કુદરત હય, અયરબ્બુલ અનામ.

મહમૂદશાહ—બેશક !! બેશક !! પર અભી આપકી અત્તરકી સંદુક ખોલીએ. !!!

મીરહુસેન—બહોત ખુબ જહાંપનાહ; (બીનકે સાથ ગાતેહેં.)

રાગ હીંડોલ તાલ ચોતાલ.

સગગ-મધમ-ગસ-નીસ સનીધમ-મધમધ, નીસ, ગસ,=
પીત-બસન-અંગ-રંગ-ગોરેતન બ્યાપિક-હેય, નંગ= ટેક.
ગગમધ-મધનીસ સની, ધની-સગગસ-નીનીધની-સગ-સની;
એઠયોહે-હિંડોરહી-ઝુલા,વત, સખીસબ-ગાયગાય-સુસ, કાત,-
નીનીધમ-ગમગસ=
રૂડોરાગ—હીંડોર=(તાન) સગમધ નીસગસ-ગમગસ=
નીનીધમ-મધનીધ-મમગસ,=પીતબસન=(અકારકીતાન.)
(તાન ૨.) સગમધ ગમધની સધનીસ ધનીસગ-
સસનીધ-નીધમગ=(અકાર) પીતબસન, અંગરંગ=

રાગ સદર. તાલ. ત્રીતાલ

ધર ધ્યાન રાગકો મન બિચાર; સુર તાલ, મોરછાનધાર-ધર
નાદ આદગુરૂ જનસુખ ગાવત,-મધની-નીનીધમ-
મગમ-મગ,-છીન છીન સુરકો ઉલટ પુલટ કર;-(તાન.)
ગગસની ધનીધમ-મગમગ, ધમગસ,,-ગસની-ધમગ-
મગગસા=ધરધ્યાન રાગકો મન બિચાર.

——:૦:——

મહમુદશાહ—વાહ વાહ!! ક્યા બાત હય,-મહાફીઝખાંન-?!! મીરહુસેનકો દસહઝાર રૂપે, ઓર પાંચસો રૂપેકા દોશાલહ, ઇનામ બખ્શીશ કરો.

મહાફિઝખાન—બહોત ખુબ જહાંપનાહ. (વઝીર સાહબ, ઇનામ લાકે દેતેહે);

મહમુદશાહ—આપ, રાજી હુવે મીરજી?!!

મીરહુસેન—ગરીબપરવર,-આપકી **નવાઝશો, અલ્તાફસે,-**

બંદહ-હમેશાં શાદ શાદ હય-રંજોઅલમ સબ બરબાદ હય.

ચોબદાર—(બાદશાહકો). ગરીબપરવર!! પિરોઝકુંવર, દરબારમે મુજરા કરને આનેકો ઇઝાજત ચાહતીહય.

મહમુદશાહ—આનેદો ઉસ્કો. (આના પીરોઝકુંવરકા, કચેરીમે).

પિરોઝકુંવર—જહાંપનાહ. તસ્લીમાત અર્ઝ કરતી હું. અલ્લાહ; આપકી ઉમર સોસદ્દાસાલકી કરે.!!

મહમુદશાહ—પિરોઝ,?!! કોઇ એસીચીઝકા આલાપ છેડ, કે જીસ્કે સુન્નેસે દિલકો સુરૂર હો.

પિરોઝકુંવર—જો હુકમ, સરકારકા.

રાગ બિહાગ તા. ત્રીતાલ (તિલ્લાના)

નીતુમ તન દેરેના-(બેવાર). દીરદાર નીતુમ-તન-
નાદરદાંની, તુમદરદાંની, તોમ, તનોમ તનોમ-
દીરદીર દીરદીર, નાદીર દીરદીર; તોમ તદારેદાની-નિતુમ-
તનનન, તનન, દાંની, ઓદાન: તનદીમ, તાદીમ તાદીમ-
દીમ નિતોમ તદારેદા; ગમપની, સરીસનીધમ-
ગમગસા-નિતોમ તનદેરેના-તન.
(તાન અકારકી.) સનીસરી સનીધપ; સનીધપ મગરીસ-નિતુમ.
(તાન ૨) નીસગમ પનીસરી, નીનીધપ મગરીસ નિતુમ.
(તાન ૩) સરીગમ રીગમપ, ગમપની, સરીસનીધપમગ નિતુમ
ગાત અજાવત રાગ સંગિતસો ઘુઘરૂ બજત ઘુમ.
છનનનનન નિતુમ તનદેરેના-દીરદીર.

મહમુદશાહ—વાહ કયા બુલબુલી આવાઝ છેડદીયાહય-!!

રાગ સોહની ગઝલ.

(કલસેં તું બેકલહુવા કયા તુઝે આઝારહય-યકતઝ.)

ઇસ ગુલબદનકો આજ કુછ ઇન્આમ દેના ચાહીએ;
ઉમદહ પોશાકેં તમામી તામ ગેહના ચાહીએ.
મસ્ત આવાઝોંસે તેરે દીલ હુવાહે શાદ શાદ;
ઇસ્કહો અલ્લાહકા યહ કામ રહેના ચાહીએ.—ઇસ
હો ગયા હું શાદ ઇસ્કી તાન ઔર આવાઝસે;
બુલબુલ ઇસ્કા ઇસ્મહો યા નામ મેના ચાહીએ.—ઇસ.

ઇસ્કો એક હજાર રુપે વ પોશાક ઇનામ બખ્શીશ કરો. ! ! મલિક સારંગ ? ! !

(વઝીર સ્વાહબ ઇનામ દેતેહે) (જાના પિરોઝ કુંવરકા.)

મલિકસારંગ—જીવેં જહાંપનાહ—બાદશાહોંકી હજાર સાલ ઉમર દરાઝ.! !

મહમુદશાહ—અભી એક હજાર, અસ્પતાઝી કે સાથ સવારી તેયાર હો. સબબકે ફીલહાલ, ફિરદોશ બાગમે જાના ચાહતાહું. કચેરી બરખાસ્ત કરો.

મલિકસારંગ—બહોત ખુબ જહાંપનાહ. ! ! (ચોબદારકા પુકારના)

ચોબદાર—ગુર્જરી સુલ્તાન, મહમુદશાહકી કચેરી બરખાસ્ત. ! !

(પરદા પડતાહે.) (દુસરા પરદા ખુલતાહે.)

પ્રવેશ બીજો.

(સ્થળ જુનાગઢમાં રા'મંડળીકની કચેરી)

(રા'મંડળીક, તન્હલ, સંગ્રામસિંહ, ગુરૂદત્તાત્રય, વિગેરે)

(સામળ બારોટ વળી બાહ્યાતો વિગેરે.)

રા'મંડળીક—આ જગતમાં મોટામાં મોટી કઈ ચીજ છે. ! !

તન્હલ?!!

તન્હલ—મહારાજા ધિરાજ.!! લક્ષ્મી મોટી છે, કે, આખુ જગત જેણે પોતાને વશ કર્યું છે; ન્હાનો છોકરો બરફીને ન લેતાં રૂપીઆને પ્રથમ ગ્રહણ કરે છે.!!

રા'મંડળીક—તે ખરું, પણ હજી અધુર રહ્યું.!! સંગ્રામસિંહ તમો કહો.?!!

સંગ્રામસિંહ—સૌરાષ્ટપતી; ! શમ્સીર મોટી છે, કારણ કે મોટા મોટા રાજાઓ પણ એથી ગમે તેને વશ કરી શકેછે કેમ!!?

રા'મંડળીક—સાંમળ બારોટ તમે કહો.

સાંમળબારોટ—અનદાતાર ઘણી ખમા; મોટી ચીજતો પ્રભુની ભક્તિ છે.

રા'મંડળીક—એતો ખરીજછે. પણ રાવજી કાંઈ બરાબર કસુંબો ચઢાવ્યો નથી. ખરું ? બારોટને જરા કસુંબો પાવ, હાલ એમની વૃત્તિ ઠેકાણે નથી. (કેશરીઓ કસુંબો કરી લાવે છે ને રાજા પાયછે)

સામળબારોટ—(કસુંબો પીતી વખતે)

કબિત.	(જવાબ)
કાલીબીન શાહીમૃગલુકી ન નિકાઈ રાઈ,	કસ્તુરી.
કાલીબીન, રતીકા બિલાસ જનગત્તમેં.	રાત
કાલીબીન નારકે, શિન્ગાર ન હજાર સોહે;	વેણી.
કાલીબીન ચપલા જ્યોં અંબર કીછત્તમેં.	વાદળી
કાલીબીન છાઈ, અમરાઇ, ન,બસંત બાગ,	કોયલ.
કાલીબીન નીરકી સુધાઈ, સરસત્તમે.	જમના
તેસેહી મોટલ બનંત, નર માનુષકો;	
*કાલીબીન ખાલી જન્મારા જગત્તમેં.	મુછ

* આફ્રીણીને આફ્રીસુ.

શાંમડળીક—વાહવાહ ! ! પણ હજી થોડી કસર છે કેમ ! ! ?
(સામળ બારોટ મનમાં કહેછે. હવે તો એમની મરજી મુજબ કહેવું પડશે.)

સામળબારોટ—અનદાતાર, હમણાં વૃતિ ઠેકાણે આવી છે.– હું તો એમ જાણું છું કે–કંચન અને કામની જેવી મોટી ચીજો દુનીઆમાં એકે નથી. વિચારો કે ભલા, યોગીરાજ, મછંદરનાથે–કામરૂદેશમાં, મહીલા રાણીનો વિલાસ કર્યો. અને આખરે,–રાણીને ત્યાગી–પણ કંચનને તો–ઝોળીમાં ઘાલીને લાવ્યા હતા. જેમકે કહ્યુંછે કે–"આ જગતમાં એવો કોણ સમરથ થયો–કે જેણે કંચન, અને કામનીના રતન માટે હાથ પહોળા ન કર્યા હોય"? ! !

શાંમડળીક—સત્ય છે રાવજી તમારૂં કહેવું. હવે શૃગાર, રસે હૃદયમાં વાસ કર્યો ખરો. શૃંગાર રસ જેવો, નવ રસમાં કયો રસ છે.? સાંભળો.

સોરઠો.

અધરામૃત ભરી અંક, પ્રેમથકી પીધું નહીં;
રાજા શું કે રંક ફોગટ જગ ફેરો ફર્યો.

સામળબારોટ—ખરૂં કહ્યું. અંનદાતાર. સોરઠ સભાને ઘણી ખમા ! ! કેવી કામની કે–જેના અંગની વાસ, કમળ કરતાં પણ સારી છે. અને ચારે ઠામ ખીલતાં છે. એવી સુવર્ણાંગી ભામિની સાથે વિલાસ ન કર્યો. તેણે આ દુનિઆમાં આવી શું જોયું–? ! ! (એટલામાં વિદુષક આવેછે બહારની બાજુ).

વિદુષક—જે સ્ત્રીને, મારા જેવા પુરૂષનો અનુભવ નથી. તેનું રૂપ પણ ઓપ્યા વિનું સમજવું. ! !

તન્હલ—અલ્યા શું બકેછે.? ! ! બકવા મુક;

વિદુષક—સાહેબ હુંતો એમ કહુંછું જે, સોનું ગમે તેવું હોય-

પણ ઓપે તોજ દીપે.

રા'મંડળીક—ઠીક કહેછે. ! ઠીક. તન્હલ. ? !! માણુસનું ઓપણ શું ?!!

તન્હલ—મહારાજાધિરાજ. માણુસનું ઓપણ સદ્વિદ્યા.

વિદુષક—(મનમાં.) સ્ત્રીનું ઓપણ ખુદું.

રા'મંડળીક—તન્હલ ! ! ! મ્હારા રાજમાં રૈયતને કેવી સુખ શાંતી છે. ? ! !

તન્હલ—સાંભળો મહારાજા. રાગ ઝીંઝોટી.

(તાજ ઉસકા દેખનેકા એ રાહ.)

મહારાજ આપ રાજનું, શું વર્ણવું વૃતાંત—
રિદ્ધ સિધ્ધના સુખે રૈયત છે, શિલ શાંત—મહારાજ.
નિત્ય નવલરંગ, હુનર શારદા—વેપાર,
નરનારી ઉદ્યોગમાં મચ્યાં ધરીને ખાંત—મહારાજ.
આપનો ઇન્સાફ નેક ટેક દેખી લોક;
ગુણ ગાએછે; આપના જાહેર અને એકાંત—મહારાજ.

—§०§—

રા'મંડળીક—શાહબાશ. સંગ્રામસિંહ મ્હારા શહેરની અને લસ્કરની કેવી બંદોબસ્તી રાખો છો. અને હમેશાં તપાસ કરોછો કે નહી.?

સંગ્રામસિંહ—એ શી વાત છે. અનદાતાર.

રાગ. મજકુર.

સૈન્ય સર્વ આપનું મહારાજ છે તૈયાર;
હુકમથી હાઝર રહે પયદલ અને સવાર—સૈન્ય.
હસ્તી, હય, સુઅશ્વોની શોભાય છે કતાર;
મસ્ત મદથી થઈ ગયા અન ખાઇ નામદાર—સૈન્ય.

તોપ ને જંજાલને બંદુકને કટાર;
બરછી ભાલા તીરનો ગણુ ન આવે પાર-સૈન્ય.

—o—

શાંમંડગીક—ધન્ય છે; એવીજ તજવીજ રાખવી જોઇએ. કારણ કે રાજનિતીમાં કહ્યું છે કે, રાજાને, પૈસા, હથીઆર; ખોરાક, અને લસ્કરની રોજ નીઘા દાસ્તી રાખવી જોઇએ.

સામળબારોટ—સત્ય છે. ગરીબપરવર, ગૌબ્રાહ્મણ પ્રતીપાળ—કે જે આજ દહાડો છે. તે કાલ નથી. દીવસે દીવસે દહાડાની શોભા ઘટતી જાયછે. કોણ જાણે જગત સરજનહારે શું ધાર્યું છે. અહા, હા! હા! પહેલા કેવા કેવા માણુસ હતા; તેવા તો હવે જન્મજ સેતા નથી. કહ્યું છે કે—

કબિત.

આદમકી આદમે આયુષ લાખ સાલકીથી;
યામેં કમ હોત હોત સાઠનપર આઇહે.
માઇ ભાઇ ભગની બાત, તાતકી, સગાઇ માંહી;
રાઇ પડીયાતેં કમ હોગઇ સગાઇ હે.
રસ કસ બસ હોગએ કમેશ રહે લેશ લેશ;
સબી દેશ દેશનમેં કમી કમી છાઇ હે;
મોટલ તું કાહેકો ઉદાસ હોત, રબને યોં;
ઘટાતે ઘટાતે સારી દુનિયા ઘટાઇ હે.

માટે આખી દુનિયા એવી રીતે ચાલે છે. કે જાણે પ્રર્મીશ્વર ઘટાડતાજ આવ્યા હોય નહીં. ?!! આ દુનિર્યાંમાં જે કાંઇ કહ્યું તેજ આગળ આવવાનું છે.

શાંમંડળીક—હવે ઘટાડે તોય શું, અને વધારે તોય શું આ-

પણ્તો દુનીઆમાં જન્મી જશના કરવાના છે. (એટલામાં-કાનીયો રાત આવે છે.)

વિદુષક—(ધીમો ધીમો) હું પણ દુનીઆમાં જનમી જશના કરી ચુકયોછું.

કાનીયોરાત—(વિદુષકને) અલ્યા !! તેં તે શા જશના કર્યા કાંઇ બિલાડી બિલાડી મારી નાંખી'તી કે શું ?

વિદુષક—અરે એ પરાક્રમ પણ આપણાથી દશ બારેક બન્યા હોયતો બન્યા હોય.! પણ મોટું પરાક્રમતો એ કે વીશ વીશ લાડવાને ગટ કરી ગયોછું.!!

પ્રતિહાર—મહારાજા ધિરાજ કમળ કળા મુજરો કરવા આવવા ચાહે છે.

રાંમંડળીક—ભલે આવવાદો, એ દિલ પસંદને (કમળકળા આવે છે.)

કમળકળા—ગોબ્રાહ્મણ પ્રતીપાળ સોરઠ સુબાને ઘણી ખંમા.!!

રાંમંડળીક—સામળ બારોટ ! આનું રૂપ તો જુઓ.!!

સામળબારોટ—શું જોઉં ગરીબપરવર જાણે ક્ષીર સમુદ્રની તરંગજતો એની ઉરોજની છટા અને કમરનો લંકતો જાણે અમેરીકાની સીંહણજતો! વાહ ધન્ય છે. કમળકળા તારા કોયલ સુરને ટૂંકતો મુક જેથી મહારાજ પ્રસન્ન થઇ જાય અને ત્હારા નશીબનો સુર્ય ઉદય થાય.

કમળકળા—બહુ સારૂં સાહેબ.

રાગ પીલુ (ઠહારંવા નાચે છે)

તેરી સાંવરી સુરત મેરેમન બસ ગઇ;
મન બસગઇ, મરે દીલ ડસ ગઇ. તેરી.

છેલ છબીલા ઓર રંગીલા બાલલીઆ ઘનશ્યામ;
મોર મુગુટ પીતાંમ્બરસોહે, ગોપનકા બીસરામ   તેરી
કનક કુંડલ કર કરે બિરાજે ઓર મોતનકી માલ;
ઠીગ સોહેસે ગોપન ઠાઢી બૈજનરુપ રસાલ.   તેરી.

રાગ સદરની લાવણી.   (નાચતી વખતે ગાય છે)

(ગીરધારીરે વાત કહું તે વિચારો એ રાહ)

મન મોહનરે હુંછું કન્યા કુંવારી મુને જાચાવો ગિરધારી   મન.
છેલા છેકજરે લાજ મુકી શું વિસારી, મારો તંબોલની પીચકારી;
કહું વાતતે હ્યોને વિચારીરે, જુઓ પરણી અને કુંવારીરે;
હું જાઉં તમોપર વારીરે અલબેલાજી મારો ન નથન કદારી.   મુને.
રંગ રસીયારે તમારે કુબજા રાણી, છતાં હ્યો ક્યાં મુને કર તાણી;
હું બાળારે કોક ક્રિયાથી અજાણી એવી વાત જવાદો શાણી,
મારી મૂકીદો જરકસ સારીરે હું લાજુંછુ મોરારીરે;
તમે થયાછો કુંજ વિહારીરે બચકારીરે આંખ્યો રુબ અણીયાળી. મુ.
અલબેલારે જોયા તમારા ચાળા, છો સ્યામ સુંદર છોગાળા;
હુતેથી હ્યો આરોપું વરમાળા હું અપ્પુ બાનની બાળા;
અપ્પુ બાનની હું છું દુલારીરે, શોધે વર માત હમારીરે,
હું કહીશ લરીશ વિહારીરે મોટલકેશ સ્વામીજી સુખકારી.   મુને.

ગાંમઠણીક—ધન્ય છે વાહ તન્હલ ? ! ! આ કનકકળાને એક હજાર રૂપીઆ ઇનામ આપો કારણકે આજ એણે મ્હારૂં હૃદય કમળ ગાયનરૂપી સુધારસ છાંટી પ્રફુલ્લિત કર્યું છે. (ઇનામ દેછે

આલ્યા કાના રાત ? !! તું ક્યાં ગયો હતો. ! ! ! !

કાનીઓરાત—મહારાજા ધિરાજ ! ! ! હું મોવાળીએ ગામ ગયો હતો; હમારા લોકનો ત્યાં વર પરણવા ગયો હતો; સાહેબ! ત્યાં સાહેબ એક ચાંદની સ્ત્રી મારા જોવામાં આવી તેના તે હું શા વખાણ કરૂં. જાણે ચૌદમી રાતનો ચંદ્રજતો.!!

સોરઠા.

જોતાં નખ શીખ જોત, હૈયા માંહી હરખીયો;
ઉરમાં પડ્યો ઉદ્યોત, વારીમાંહી ચંદ્રવત–
ભારે ઉપમા ભૂપ, કઇ એના નખની કહું;
અલહીમ લતા અનૂપ, ફૂલી હીરા ફુલથી–

રા'મંડળીક—ધન્ય છે, કાના રાત ધન્ય છે. આ વખતે તો, મ્હારા પ્રાણ કરતાં પણ વિશેષ પ્યારી વાત મુને સંભળાવી. અહાહાહા એ પ્રીય ચંદ્રવદની મેં–એક દીવસે નીહાળી હતી. વાહવાહા શું કરૂં, એનું વર્ણન બેશક કાના, તું કહે છે તેજ પ્રમાણે એનું રૂપ છે. અરેરે,! જે દીવસથી એના ઘુંઘટના ઓટમાં, ચંદ્રમુખનું ચળકાટ દીઠું, તે દીવસથી મ્હારૂં ચિત્ત; ચકોરના ચિતની પેઠે ચોરાઇ ગયું છે. હાય ! ! હાય ! ! એના મુગ્ધ લટકના ઉરોજની છટા જોઈ, મ્હારૂં મન લોભીયુ થઇ; કૃપણ પણે લોભાઇ રહ્યું છે. અરે મન તું શાને ફીકર કરેછે.! પોતાની પેટીના રૂપીઆ વાપરતાં મન શાને શોચાય–પોતાની નીધાથી ઉછેરાએલી બાગના પુષ્પનો વિલાસ કરતાં, શાનો અફસોસ. બસ જીવ ચાલ એતો મ્હારા કબજામાંજ છે; પણ ગમે તેનું હરણ કરવા હું ક્યારે સરાપ નથી! તો આ કમળા તો મારા કબજામાંજ છે. એને લાવતાં વાર શાની. ?!! વળી, એની, સાસુ, નાગબાઈ સ-

તો, તેની પક્ષ કરી સતીત્વ દેખાડવા સમર્થ છે. તો મ્હારા, ગુરૂ દત્તાત્રય,-વારશી કરવા કયારે અશક્ત છે.?!! અહાહા!!! મ્હારા નસીબને પણ ધન્ય છે. જે આવા, દેવ લોકો પણ મુને પ્રસન્ન છે. હું શું ન કરી શકું?!! ચાહું તે કરી શકું!!! બસ!! હવે!! વાર, થી કરવી; (એકદમ મનમાં તરંગ આવવાથી ઉભા થઇને કહેછે.)

રાગ. પીલુની લાવણી.

મેં જોઇ એક નાર પદમણી તેને લેવા જાઉં હું;
કમળાક્ષીનું હરણ કરીને મ્હારે મહેલે લાઉં હું-
મદમાંતી, જોબનવંતી, એનું જોબન છે, બરપુર;
મ્હારા કાજે, ઉતરી શું સ્વર્ગેથી હુર-?!!
રાજી થઇ આવશે ન તો થઇશ ક્રુર; મેં જોઇ-
મુજ ગુરૂ ગિરનારી, જંગીબક્ષશાદાતાર;
સ્હાય કરી દત્તાત્રી મેળવશે એ નાર,-
પ્રીતેથી પ્રણામ કરૂં એમને આવાર-મેં જોઇ-

(એટલામાં ગુરૂદત્તાત્રય. પવન પાવડી ઉપર બેશીને પવનવેગે.) (આકાશમાર્ગથી આવેછે.) વાઘચંબર લપેટી બગલમાં દાબી દીધુ છે.) (ગળામાં હજારીમાળા પડીછે. ત્રણ માથાં બીરાજમાન થઇ રહ્યાં છે.) (હાથમાં તુંબી ગ્રહણ કરીછે.) (છો હાથશોભી રહ્યા છે.) (લાલ લાલ વડના ટેટા જેવી આંખ્યો ભળકી રહી છે.) (જટા છુટી પડીછે. ભસ્મ રમાવેલી છે. એવા વેશે, મહારાજ પધાર્યા.) (આવતાં વાંત ગુરૂ દત્તાત્રય, બોલેછે.)

રાગ પીલુ-લાવણી.

ગુરૂ દત્તાત્રય— (આમ ચલે ન મોહનજ્યે રાહ.)

નવ જઈશ, (૨) સતીને લેવા,—હું આવ્યો તુજને કહેવા
તેણીની નાગ બાઈ સાસુ- દુઃખથી પુંછશો, આંસુ-
વાળશે; વેર, કરીને કેર, છે કુળમાં ઝેર, નથી શુભ મેવા—
રાવણ સીતાને લાવ્યો, નિજકુળને પોતે લજાવ્યો;
એમ કદી થાય, રાજ પણ જાય, માનને રાય કહેશે દેવા—
નવ જઈશ સતીને લેવા.

(મહારાજ આવું કહેછે. એટલે રાજાને રીસ ચડેછે.)

રાંગડળીક—　　　રાગ તાલ મજકુર.

બસ જાવ (૨) અહીંથી બાવા શું આવ્યા જ્ઞાન બતાવા;
શું પુછું આપને જ્યારે શિખામણ દેજો ત્યારે;
કરીને કાજ અરે મહારાજ જાવ ઘર આજ બુધ્ધિ દર્શાવા શું !!
તમ કામ નથી દરબારે જાઓને ગઢ ગિરનારે;
નથી કંઈ બપ, જપોને જપ, કરોને તપ, ભલું નિજ થાવા શું!!

અરે કોઈ હાજર છે,? આ મહારાજને એકદમ કચારી બહાર
મૂકી આવો !!!

(મહારાજ મનમાં વિચાર કરીને બોલે છે.)

ગુરૂદત્તાત્રય —　　　છંદ માલિની

અરરર હવે તહારા શુભનો અંત આવ્યો;
નિતિ રીતિ તરછોડી ફિર આશબ્દ લાવ્યો
સુર ગુરૂ સમ જ્ઞાતા હોય કુબુધ્ધ સામા;
શુભ શુભ કહું શબ્દો તેજ જાએ નકામા
જરૂર સમજજે તું રાજ્યથી ભ્રષ્ટ થાશે

પુજ કરમમાં કુંથી સ્હાયમાં ન અવાશે.

(એમ કહી મહારાજ ચાલ્યા જાય છે ગિરનારની ગુફામાં)

રા'મંડળીક—(મહારાજના ગયા પછી) પ્રધાનજી !!! આ મહારાજ શું કહેતા હશે વારૂ ? !!

તન્ડુલ—મહારાજા ધિરાજ ? !! જેનો જેને સહવાસ છે તેની બુદ્ધિ તેવી હોય! નદીના માંછલાંને ઉપ વનમાંના બાલ બાલના રંગીત પુષ્પની શી ગમ !!

સામળાબારોટ—ખરૂં છે ગરીબ પરવર !! આપ જાણુતા હશોકે મછંદરનાથ જેવા મોટા યોગેશ્વર હતા છતાં કામરુ દેશમાં મહારાણી મહીલાના પ્યારમાં ફસાઇ કેવા જોગીના ભોગી થઈ ગયા તો એમનો તે શો બાર પરંતુ એમને એ બાલનો ચસ્કોજ લાગ્યો નથી. અને જો દુનીઆની લજ્જતની એમને જરા પણ ગમ હોતતો ડુંગરમાં બેશી રહેવું, અને જંગલમાં ભટકવું, મૂકી ક્યારનોએ વસ્તીમાં વાસ કર્યો હોત; પણ એ શશીવદનીના પરવાળારુપી ઓષ્ટપર ચુંબન કરી સુધારસ પીવામાં શું જાણે ? !! કહ્યું છે કે.

કવિત.

મીન કબી હો બિહીન, તોબી જલ પેર સકે;
સંગ કહા જાને બહેર નદીયન કે તરનેમેં.
પત્થરકો પહાડહો ગિરાડતો પડત ભારી;
મટીયનકો ઢેર કહા જાને જલ ઝરનેમેં.
હોય જો મરાલ હાલ ચાલ ચોંચ ચરત મોતી,
બગ પગ જાને કહા મોતનકે ચરનેમેં.
જનતીકો સ્હાય મોટલ કરે જાય પૂત વાસી;

પંઝા કહ્યા અને ભાઈ દાંતના કરેમે

મારે મહારાજાધિરાજ,!! જેને જેની ગમ છે. તેનેજ તેની ગમ છે.!!

રાજકુમાર—વાહવાહ,!! આ વાતેએ, બરાબર મ્હારા હૃદયમાં વાસ કર્યો છે. બસ હવે કોને પૂછવું છે.!!! સંગ્રામસિંહ.!!! પચાસ ઘોડાં તથા બે હાથી, અને ડેરાં તંબુ, ગાડાઓમાં ભરાવી તૈયાર કરાવો. કારણ કે, આજ મ્હારે ભોગાણીઆ, ગામ શિકાર રમવા માટે જવું છે. બસ કચેરી બરખાસ્ત કરો,!! હું હમણાં જનાનખાનામાં જઈને આવુંછું. (એમ કહી રાજા જાયછે.) (પ્રતીહાર બોલેછે.)

પ્રતિહાર—ગૌબ્રાહ્મણ પ્રતિપાલ સૌરાષ્ટ્રપતીને ઘણી ખમા—કચેરી બરખાસ્તકી [illegible] સલામ.!!!

(કચેરી બરખાસ્ત થાયછે. પડદો પડેછે; (વિદૂષક આવેછે.)

વિદૂષક—આતે, શું જાણતા હશો વારૂ!!! પણ કહેવત છેકે

મોત આવ્યું હોય મેંડકીનું તો નાગણ ભેટાં થાય;
ને મરવું હોય જો ઘોવડાને તો, વાઘરી વાડે જાય.

મને પણ એમ થયું છે. કે બજારમાં જઈ, હલવાઈએ, ભાતભાતની મિષ્ટાંન સામગ્રી પટકી મુકીછે. તેમાંથી મન મ્હાય તે થાળીનું હરણ કરૂં!! બંદો ઝપટ મારવામાં તો બહુ હુશિયાર છે. શકરોબાજ શિકાર ચૂકે તો, આ પાંકડા શિકાર ચૂકે—ને કદી ચુકયો તો કોએકના છાપરા ઉપર ચઢીને-મિષ્ટાંન ઉપર ટપાકણીઆ ચોટ પણ ખાઉં એમાં શક નહીં. (એમ કહી જતો રહેછે.)

પ્રવેશ. ચોથો.

(રાજાનું જનાનખાનું. સુંદરબા, અને દાસીઓ બેઠીછે.)

સુંદરબા—કુંદન, આ જગતમાં પ્રોઢા જાત યોવનાને ધન્ય છે, કે તે સંયોગ શૃંગારમાં સમયોસમય અનુસરી, હાવભાવ દેખાડી અનુરાગ પતીનું પ્યાર વધારવા, પ્રવીણ હોય.

કુંદન—(જરા લટકો કરીને) ખરૂં સુજ્ઞ સહુસ્ત્રું બાઇ, ધન્ય છે, આપની પ્રોઢતાને.

સુંદરબા—કુંદન ? આ રૂડા રજની વીલાસી, ચંદ્રની જોત દીવસે દીવસે ખંડીત કેમ થાયછે વારૂ? !!

કુંદન—(મટકો કરીને) મ્હારાં મોજ માણીગર બાઈ સાહેબ, ! ! એતો આપનું રૂપ જોઇને શરમાય છે. અને કાળા વાદળમાં સંતાતો જાયછે. અને પંદર દહાડે જરા જરા બહાર આવેછે. તે જાણે આપ મહેલમાં છો કે ચોકમાં; તે ભાળ કાઢતો હોય નહીં ? !!

સુંદરબા—કુંદન ? ! કાંઇ શૃંગાર રસનું ગાયન, ગા.

કુંદન—બહુ સારૂં મારાં પ્રેમ છકેલાં બાઇ—

રાગ સીંધ ભેરવી.

(ગઝલ. હમતો આશક હે એ રાહ.)

હરણ કરી ગયો મુજ મનરે મોરલી વાળો;
અલ્પ મુસકાઇ ને ચટકીલો છેલ છોગાળો. હરણ.
મુગુટે નંગ જડીત્રી સુકલાપોની કળા,
જોઈ હ્રદયેજ કરે પ્રેમ અતી ઉછાળો. હરણ.
અલક સુધરારીને મૃગમદનું તીલક શોભીતું;
શીપ સુતાં હાર જતાંથી બન્યો રૂડો સાળો. હરણ.

વસ્ત્ર શુભ અંગ ધરી પીત પીછોડી બાંધે;
બણે મોટલ કે એણે મોહની નાંખી જાળો. હરણ.

સુંદરબા—કુંદન તેં, રસીક ગાયન ગાઇને મ્હારૂં ચિત મસ્ત બનાવી દીધું.

રાગ પુર્વી. (તાલ દાદરો.)

(કાયકું સતાવે સૈયાં એ રાહ.)

પ્રેમથી છકી ગઈ હું, પ્રેમથી છકી ગઇ હું.
પતીના અતીજ રતીજ વતીજ. પ્રેમથી.
નિત્ય નવલ કરે આલીંગન ચુંબન;
પતીજ, પતીજ, પતીજ, પતીજ. પ્રેમથી.

કુંદન—માણો અખંડ સુખ પતી નિજ સાથે;
કેશરી—સતીજ, સતીજ, સતીજ, સતીજ. પ્રેમથી.
સુંદરબા—પ્રેમથી છકી ગઇ હું—પ્રેમથી.

(એટલામાં પ્રતીહાર બોલે છે, અને મહારાજ આવે છે)

પ્રતિહાર—જનાનખાનેમેં પધારીએ મેહેરબાન સલામ ! !

રા'મંડળીક—(રાણીને) કેમ મૃગાક્ષી ? ! ! તારાં નેત્ર એવાં શોભે છે કે જાણે કમળના પુષ્પની પાંખડીમાં ચોખા શિતળ પાણીની ખુમારીથી રતુમળ આવી હોય નહીં, ? પરંતુ શું કરે હાય ! ! હાય !! (પેલી વાત યાદ આવે છે)

રાગ એમન કલ્યાણનો દાદરો.

(બંસુરી કુબ્જતા—એ રાહ)

કહું જે વાત તે સુણોને પ્યારી કહું જે
નજરે જોઇ જે મેં નાર લાડી મહેલની મોઝાર

તેના જેવા શૃંગાર, નથી તુજમાં લગાર.
એવી વિનઃધિઃકાર, ઉર્વશી છે મારી–કહું જે.

મારે પ્યારી તુજથી પણ અધિક રુપાળી લટકાળી પ્યારી મેં નિહાળી છે તેને લેવા જાઉછું તું રાજી છે કે નહીં ?!

સુંદરબા—પ્રાણજીવન, પરદારાનું હરણ કરી કોણે સુખ ભોગવ્યું?!

રાં'મંડળીક—ચુપચુપ, અપશુકની!! આવું શું બોલે છે તું વિચારકે જેને પ્રીતીનાં બાણ વાગ્યાં છે તે ગમે તેવા સંકટથી પણ ડરશે નહીં તું જાણે છે કે ભમરો કેસરના કાંટાવાળા ફુલપર પડતું મુકતાં કેમ વિચાર નથી કરતો; કેતકીના કાંટા જોઇ કેમ હિમ્મત નથી હારતો=પણ એવા સમયે જો એ ભમરો વિચાર કરે; તીક્ષણ કાંટાથી ડરી જાયતો એવાં સુશોભીત રંગીત સુગંધદાર પુષ્પોનો વિલાસ પછી ક્યારે મળે; માટે જેને પ્રીતીની ગમ છે તે કોઇ પણ દિવસ હઝાર સંકટથી પણ ડરવાનો નથીજ પ્રીતીવાળો પ્રાણને ક્યારે ગણે છે, પ્યારી ?!! બોલ શો વિચાર છે. !!!

સુંદરબા—(રાજાનું કહેવું સાંભળીને)

રાગ કલ્યાણની લાવણી.

(શું દર્શ તુંને જાવા એ રાહ)

નવ ચાશો હુંથી ન્યારા, મુજ પ્યારા; પ્રીતમ પ્યારા ભરથાર;
રાં'મંડળીક—તું છે હૈયાની હાર, લાવું જઇ પદ્મણી નાર,
એ વાત દીસે મારા સુખકારા (રાણી)નવ.
સુંદરબા—પ્યારા નિર્તીમીકાર છે મા ભગનીપરનાર,
રાંમંડળીક—બસ છોડ હવે તકરાર કડુ વચન બાણ તારા
નથી સારા (રાણી) નવ.

સુંદરબા—રસીયા કહું સાચી વાત.

શાંમંડળીક— ઝક છોડ હઠીલી જાત.

સુંદરબા—ના નાજી છે ખરેખાત બળે હૃદય વિષે લાળા;

મુજ પ્યારા નવ થાશો હુંથી ન્યારા મુજ—

(રાણી જવાને માટે ના કહે છે તેથી રાજા ક્રોધાયમાન થાય છે)

શાંમંડળીક- રાગ પીલુની લાવણી.

(અબ ચલે ન મોહન એ રાહ)

ચુપ રહે ચુપ રહે હવે તું રાણી, ત્હારી વાત બધી મેં જાણી;
એક ક્ષણ નેત્રે ન સમાએ, સોકણ તે કેમ સહી જાય.
ત્રીયા સાક્ષાત, કપટની જાત, કરે આ વાત; થઈને શાણી—
હર ત્રીયા મનમાં લેખે રહી પાસ મુને પતી દેખે;
ઉમા અવતાર તણો કરે ખાર, પોતે હોય નાર.
કરૂપી કાણી તારી વાત બધી મેં જાણી.—

બસ ખબરદાર હવે આવાં વેણ કાઢતી ?! સીંહ શીકારે જતાં કોઈ વાતના અપશુકનને ગણકારે નાના !! કહી રોકાયજ નહીં (એમ કહી જાય છે.)

પ્રવેશ ચોથો.

(શાંમંડળીકનું દીવાનખાનું અને રસ્તો.)

શાંમંડળીક—સંગ્રામસિંહ સર્વે ઘોડાં અને માણસો તૈયારછે કે?!

સંગ્રામસિંહ—મહારાજા ધિરાજ આપના ખાસ બે હાથી પણ શણગારી તૈયાર કરેલ છે માટે અનદાતાર હવે શી વાર છે? ડેરા તંબુનો મોવાણીયે ગામ પહોંચતાં કરી દીધા છે.

રા'મંડળીક—વાહ !! ઠીક થયું બસ હવે વાર શી તૈયાર થાઓ. (નીશાંન ફરકી રહ્યાં છે મહારાજ હાથી ઉપર બીરાજમાન થઇને) (નગારાં ગુંજી રહ્યાં છે. અને મોવાણીયે ગામ જાય છે.)

વિદુષક—(પાછળથી આવીને છાનોમાનો) વાહ ભલો દાવ આવ્યો છે હવે હું પણ જોઉં કે આ બંદાના ફંદામાં કોઈ આવે છે.) ચાલો હવે આપણે પણ જઇએ. ગમ્મત થશે, અને મિષ્ટાંન મળશે. (સઘળા જાય છે અને પરદો પડે છે.)

પ્રવેશ પાંચમો.

(રાગંડળીકની કચેરી મોવાણી ગામની ભાગોળ.)

(એક બાજુ હાથી બાંધી દીધા છે તે લંઘર ખખડાવી રહ્યા છે. એક તરફ ઘોડાની હાર શોભી રહી છે તંબુ બિરાજી રહ્યા છે અને રૂડી મખમલી જાજમો બિછાવી દીધી છે, અને બહાર રાજા કચેરી કરીને બેઠા છે.)

રા'મંડળીક—કેમ !! સંગ્રામસિંહ આપણે પણ ઠીક આવી પહોંચ્યા કેમ !! પરંતુ જે કામે આપણે અહીં આવ્યા છીએ તે કામ જો ગોપીનાથ સફળ કરેતો કેટલીક વાત છે હે વ્રજ બિલાસી !! તું સહાય કરજે.

તન્દ્રલ—અનદાતાર !! એમણે તો એ વાતનો પકો અનુભવ કર્યો છે. તેથી તો એમનું નામ કુંજબિહારી પડ્યું માટે વિચારો સાહેબ એ લોકોએ એવું કર્યું તો આપણને તે કરતાં અનિતીવાન કોણ કહી શકસે.?!!

વિદુષક—(ધીમે ધીમે) વાહ વાહ ધન્ય છે. રાજા પાસે આવાજ વિવેકી માણસ જોઇએ—કુંજબિહારી સહાય કરશે કુંજબિહારી સહાય કરશે. એમ બકે છે પણ વળી એમ જાણે છે કે દ્રોપદી

નું જ્યારે દુસાસને વસ્ત્રાહરણ કર્યું ત્યારે કુંજ બીહારીએ દુસાસનની સહાય ન કરતાં દ્રૌપદીના ચીર ઉપરા ચાપરી પુરવા કેમ મંડી પડયો? એ વાત યાદ કરે છે.!!

(એટલામાં બારોટ વિદુષક પાસે આવે છે અને કહે છે.)

સાંમળબારોટ—કેમ લાડુભટ શા વિચારમાંછો ?!! ને ધીમા ધીમા શું બોલોછો.

વિદુષક—બીજું તો શું !! આતો તમારા રાજાની રાજનીતી શીખવા મારા પગ ફેલાવુછું કે જોઇએ કેમ તાગ આવે છે એજ.

સાંમળબારોટ—(વિદુષકને) ભાઇ તુ કહે છે તેતો સત્તર આની કહે છે પણ શું કરવું એનું ખાવું એટલે એનું ગાવું પડેજ-તો વળી તન્હલ વઝીર તો બહુ કાબિલ માણસ છે પરંતુ એમને આવું બોલવાનું કારણ એ છે જે તન્હલને એક સુવર્ણાંગી સ્ત્રી છે. તેમના ઉપર મહારાજ મોહિત થઇ તે કામ સફળ કર્યું આ વાત મંડળીકની; વઝીરે જાણી, પણ શું કરે.!! આખર એમનો નોકરકેની! ક્રોધતો બહુ વ્યાપ્યો પણ ડાહ્યા વણીકે ટકોરાવાળી નીતી ગ્રહણ કરી હવે કોઇની પાસે પણ ઘાટ ઘડાવ્યા વિના નહીં રહે. !! હવે જુઓ શું થાય છે !! બીજું વળી હું જાણુછું કે રાજાની તૃષ્ણા બીલકુલ નિષ્ફળ છે જેમ ચંદ્રની સામો ચકોર એકનીએક નજરે ઉગતાંથી તે તે અસ્ત થતા સુધી જોઇ રહે છે અને ચંદ્ર ગતી કરે છે તો ચકોર પણ પોતાની નઝર સાથેનો સાથેજ રાખે છે. તે ક્યાં સુધી કે સામું જોતો જોતો વૃક્ષની ડાળી ઉપરથી નીચે પડે છે; પણ, નીચા સુકવતો નથી. આટલા બધા અભિલાષ છતાં પણ ચંદ્ર અને ચકોરનો એકઠા થવાનો દિવસ આવતોજ નથી તેમજ આ રાજાનું પણ મુને લાગે છે પણ શું કરવું એ કહે છે તેમ હા કહેવું પડે છે.!!

વિદુષક—વાહ!! વાહ!! વાહ!! ધન્ય છે (પછી બારોટ કચેરીમાં જાય છે) ચારણ લોકો આવે છે. અને જશ બોલે છે. મંદીલ, દોશાલા જાચકોને આપે છે.

શાંમડળીક—કેમ સામળ બારોટ!!! સર્વે જાચક લોક રાજી થયા કે નહીં. ?!

સામળબારોટ—એ શી વાત છે અનદાતાર!!! દાન કરવું ઘોડે ચઢવું મારવું, મરવું એ શુદ્ધ રાણી જાયા, તથા શુદ્ધ બીબી જાયાના, ખાસ ફરતબ્ય છે.

શાંમડળીક—આવું આવું બોલી તમો લોક અમોને લુંટી જાઓછો.

સાંમળબારોટ—અનદાતાર આ જગતમાં જો જાચક, અને કવી ન હોતતો આપની કીરતીનો કીયા લોકો ફેલાવો કરવા સમર્થ થાત!!? કીરતીના કીલ્લા કોણ ચણત:—

કબીત.

મંગતકી રંગત બનાએ હમેં રબને જબ,
તબહીતે દાતાકી સંગત હમ અડીયેહેં.
નિકટ ઉન ગાયબો વ કીરતી સુનાયબેકો,
રબને હમારે નીકે જીભ જીગર ઘડીયેહેં.
સુરે સરદારન દાતારનકે નામ હુકો,
શબ્દિસોનેમેં જડત જડનહાર જડીયેહેં.
મોટલ બનંત આપ સજ્જન પહેચાનોહમ,
કીરતીકે કિલ્લે કેલી કરનહાર કડીયેહેં.

જાચકકી બાંની તુમ જ્ઞાની સુનો કાન ધરી;
કહે સોલ આની જો કહાની ગુણલાતેહેં.
હમારેતો સબી બાત બાત બાત છંદ રચે,
જાસે દીન રાત દાન તુમ હાસે પાતેહેં
સબી દેશ દેશનમેં કરેહે બખાનતેરી,
જહાં જાયેં વહાં હમેં તેરે ગુન ગાતેહેં.
શિરપર બીઠાકે મોટલ ગામ ગામધામ, ધામ
તુમારી કીરતીકો હમેં તીરથ કરવાતેહેં.

માટે આપની કીરતને બીજો કોણ ઉચકી શકે, ! ! એવી આપની વજનદાર કિરતીને માથે બેસાડી જગતને દ્રષ્ટિ ગોચર કરાવીએ છીએ.

(એટલામાં નાગબાઈ અને નેતબાઈ રસ્તે આવતાં નજરે પડેછે).

તન્દુલ—(નાગબાઇને જોઇને.) મહારાજાધિરાજ, જેનું આપ હરણ કરવાને માટે આવ્યા છો. તેને તેણીની સાસુ બેઇને આપની સમીપ આવેછે. ને જાણે આપને ગામમાં જવું પડે એટલી તસ્દી મટાડતાં હોય નહીં. ? !!

રા'મંડળીક—કેમ ન આવે મારૂ રાજ તેજ કમ પ્રકાશીતછે!!!

(એટલામાં) નાગબાઇ અને નેતબાઇ આવેછે. નેત બાઇએ સોળ શૃંગાર.) (બત્રીસ અભરંગ કર્યા છે. હાથમાં સોનાની થાળી અર્પણ કરીછે તેમાં સાચાં મોતી) (તથા ચાંદી સોના ફુલ,-તથા જડીત કંકાવટી- અને બીજી પુજાપાની) (ચીજો મુકી છે. અલંકાર દાગીના ઝળઝળાટ થઇ રહ્યાં છે; ને આવેછે.)

(રસ્તામાં—નાગબાઈ નેતબાઇને કહેછે.)

નાગબાઈ—(નેતબાઇને) **રાગ કાફી. તાળ દીપચંદી (હોરી)**

(સામરા મત મારો પીચકારી—એરાહ.)

ચાલોને વહુજી સંગ મારી. ચાલોને વહુજી;—સંગ મારી.
રા'મંડળીક આવ્યા આપણા નગરે; ગુજરપતી સુખકારી.
હેરી, હેરી. વહુ—ગુજરપતી સુખકારી.
ચાંદલો કરવા ચાલોને પ્રેમે, લઇ રંકાવટી સારી;
કનક થાળી કર ધારી—ચાલોને વહુજી—સંગમારી.
આપણે છીએ જાચક જાતી, ચારણી ચાતુર નારી;
હેરી, હેરી વહુ—ચારણી ચાતુર નારી,
તીલક કરે થાશો રાયની બેની, આપશે કાપડું ભારી;
અને સાડી જરતારી—ચાલોને વહુજી—સંગ મારી.

નેતબાઇ— **રાગ સદરની ઠુમરી.**

(જાને જાનેદે ગુમાની ઘનશ્યામ એ રાહ.)

ભલે ચાલોને સાસુજી આજ, (બેવાર)
આજ, આવ્યા છે મંડળીક મહારાજ. ભલે.

ગુજરપતી તો આવ્યા આપણા નગર માંહી, જાચક જાતીના શિરતાજ;
વાધ્યો, સુજશ, આવા ટાણે, જગજાણે, ને વખાણે—મોજમાણે;
એમ શાણે રાણે બાંધ્યો કીરતકોટ કરીજે સુભકાજ. —ચાલોને.

(બંને જણુ નજીક આવેછે. અને નાગબાઇ ગાયછે.)

રાગ પીલુ દીપચંદી

(લેલી લેલી પુકારૂં મે—એ રાહ.)

લેઉં ભામણાં હું મહારાજા; રાખે જોગમાયા સાજા તાજા;
આપ આવેથી અહીંયાં સુજાણ. થયો ઉદય નશીબાનો ભાણ.
અમો લોક કીરતના પોઠી, નથી વાત જરા એમાં ખોટી. લેઉં.

(રાજા અને બીજા લોકો, શૃંગાર રસમાં લીન થઈ, છાની વાતો કરેછે.) (નેતબાઇ વસ્ત્રાલંકાર અને ગુલાબી રંગના જરકશી અંબરથી) એવાં શોભી રહ્યાં છે કે જાણે ચંદન ચઢાએલી સોનાના પ્રફુલ્લિત કરણની નાજુક પાંખડી હોય નહિ.?!! (નાગબાઈ નેતબાઇને કહે છે.)

નાગબાઇ—જાવ દીકરા રાં—ને ચાંદલો કરો.

(નેતબાઈ ચાંદલો કરવા રાજાની પાસે જાય છે.)

નેતબાઇ—(રાજા પાસે જઈને)

રાગ જંગલો. (ગરબી)

પ્રેમે ચાંદલો કરૂં હું રાય આપનેરે; હેને જાણી મ્હારા ધર્મ કેરા વીર-

પાર્થો ઉછરંગ આજે મ્હારા અંગમાંરે. (ટોહરો)

સોના થાળી કર ધરી અગર વિલેપન સંગ;

કંકાવટી હીરાતણી લાલ મનોહર રંગ,

કંકુ કેશર ચંદન ને ગુલાબી નીર છેરે, તેના

રંગ ને સુગંધની શી બ્હાર; પ્રેમે.

(એમ કહી ચાંદલો કરવા જાય છે એટલે રાજા મોઢું ફેરવે છે.)

નેતબાઇ—(નાગબાઇને) આ ?!! રાં'તો ફરેછેને ?!

નાગબાઇ—એ દિશાનું મહુરત હશે ફરી ચાંદલો કરો. (ફરી ચાંદલો કરવા જાય છે) રાજા આડે દીશાએ ફરી વળે છે. પણ ચાંદલો કરવા દેતા નથી. (નાગબાઇ નેતબાઇને કહે છે.)

નાગબાઇ—દીકરા, બસ !! હવે ચાંદલો ન કરશો એના કરમમાં રૂડું માંડેલ નથી; એતો રાંનથી ફરતો રાંના દીંફરે છે.

રાગ ધનાશ્રીની લાવણી.

(છવી કલંક કેમ લેશોરે-એ રાહ)

નથી રાય ફરતોએ બરબાત,

પ્રેરે છે એના હીન હૈયેરે
એનું રાજ જાશે થઈ ઉત્પાત-પ્રેરે છે.
એની દાનત થઈ છે હરામ=પ્રેરે=
તેથી સુઝે શઠનેજ આવાં કામ-પ્રેરે=
બેટા આવો ઝટ તમો મુજ પાસ=પ્રેરે=
તમ શું કરવા આવીયો વિલાસ=પ્રેરે=

———o———

(નેતબાઇ નાગબાઇ પાસે આવે છે નાગબાઇ રાજાને કહે છે)

નાગબાઈ—(રાજાને) કેમ કુકર્મી ચાંદલો કરવા ન દીધો કહે ખરેખરૂં તારા મનમાં તેં શું ધાર્યું છે. ? બોલ જલદી કાં ગુમાવ્યું તારૂં માબાપપણું ? ! !

રા'મંડળીક—બસ ! ! બસ ! ! વધારે બોલવું નહીં માગી ખાવું ને પતરાજી શી ? ખરેખરૂં કહું છું કે—

રાગ કલ્યાણ દાદરો.

(આજ હવે જઈ સખીને ખુશ ખબર કહું-એ રાહ)

કહું ખરેખરૂં (બેવાર) એનું તો હરણ હું કરૂં=કહું.
તમારા દીકરાની વહુ સમાન; બાળકમાં ભલે ન હશે શાન;
જરૂર આજ ભોગવવા કાજ, લઇ ઘરે ફરૂં. એનું તો—

નાગબાઈ—(ક્રોધ સમાવી-દયા લાવીને)

રાગ પીલુ દાદરો

(દુર દુર-દુર દુર એ રાહ)

મેરમેર (બેવાર) સલામતીથી ઘેર;
જા કરી વિચાર. જા-જા કહું છું ખેર-જા;

દગાખોર હેવો કરવા આવ્યો પુર્વે પાપ તું બાંધીને લાવીયો,
જા–જા તું જા, નજરોકા, સતીયોને સંતાપવાથી–
પ્રભુજી કરશે કેર–મેરમેર–

રા'મંડળીક—બસ કોઈ હાજર છે. એકદમ આ કનકાંગીને મેનામાં નાખી રાજમહેલમાં લેઇ ચાલો.!!

નાગબાઇ—(ક્રોધથી; શાપ) *

રાગ ધનાશ્રીની લાવણી (શાપ)

(છત્રી કલંક એ રાહ)

જ્યારે પ્રભુ કરશે તુંપર કેર,
ત્યારે તું સંભાળીશ મુનેરે;
જ્યારે ભીખ માગીશ તું ઘેર ઘેર,
ત્યારે તું સંભાળીશ મુનેરે.
તારી રાણીયો બેશસેરે બજાર. ત્યારે.
રાજ ખોઇ થાશે, જ્યારે તું ખુવાર. ત્યારે.
તારૂં રાજ થાશે પાયમાલ. ત્યારે.
તું મરશેરે ભુંડે હાલ. ત્યારે.
નિતી યાદ આવશે જ, ખરેખાત; ત્યારે.
હીંદુ મટી થાશે તુરકની નાત. ત્યારે.
મારાં વેણ લાગશેરે ખચીત. ત્યારે.
તારા મહેલતણી થાશેરે મસીત. ત્યારે.

રા'મંડળીક—(લસ્કરને) બસ શું!! જોઇ રહ્યા છો, એકદ-

---

* આ વખતે, નાગબાઇએ (મંડળીક રાયને) ૩૬૦ દોહરા, (સોરઠા) કહ્યાછે, તે, નીચેની કવીતાની મતલબનાજ, છે.

મ એને પકડી જુનાગઢ લઇ ચાલો ! ! (ત્યારે નાગબાઇ બોલે છે)

નાગબાઈ—હજી દયાળુ છે તેથી.

રાગ એમન કલ્યાણ. (ત્રીતાલ.)

(નાજુકડો મોરોજી એ રાહ)

મતી તારીકાં ગઇ(બેવાર) કહુંછુંકારી, જો આ વારી.કાંગઇ=
સૌરાષ્ટ્રી કુળ બાગ હતો ત્યાં, મુક ન વહની દાહ થતી સાં.
ભારી–જારી–ધારી બુધ સારી કયાં ગઇ મતી તારી=

(નેતબાઇને) તમારૂં રૂપ જોઈ તમારૂં હરણ કરવા માટે આવ્યો છે માટે એને તમારૂ ખરું સ્વરૂપ દેખાડો. (નેતબાઇ પોતાનું ખરૂં રૂપ દેખાડે છે.) (ઘુંઘટ ઉઘાડીને મોઢું દેખાડે છે તો લાલ લાલ વડના ટેટાજેવી આંખ્યો ઝળકી રહી છે. મુખમાં વેંત વેંતના દાંત બાપ પલાડે એવાં આવી રહ્યા છે. ગળામાં રૂંઢમાળા પહેરેલી છે. મોટા મોટા દાંતવડે માણસનું કાળજું ચાવી રહ્યાં છે તે મુખમાંથી રૂધીરની ધારા ચાલી રહી છે. એક હાથમાં ખપ્પરધારણ કરેલું છે. એક હાથમાં ખડગ વિજળીજેવી ચળકી રહી છે. એક હાથની આંગળીમાં ચક્ર શોભી રહ્યું છે ને એક હાથમાં કટારી ઝલી છે. એવી રીતે ચાર હાથ દેખાડયા અને વિક્રાળ સ્વરૂપ એવું દેખાડયું જાણે શાક્ષાત મહા વિક્રાળ જોગણી હોય નહીં ? ! ! આવું વિક્રાળ સ્વરુપ જોઇને રાજાનો હિમ્મતજ હારી જાય છે. !

રા'મંડળીક—ઓ ! ! મારા બાપ, નાસોરે નાસો. નહીંતો હમણાં ખાઇ જશે. (રાજા બુમ પાડીને ગાદી ઉપરથી) ઉઠીને જતા રહેછે. (રાજા, જુનાગઢ જતા રહેછે.)

નાગબાઇ—લેતો જા ! ને !! લેતોજા, !! જો, જોતો ખરો. !! વિલાસ કેવો થાયછે.) કયાં જનાર છે. ! ! (નાગબાઇ, અને નેતબાઈ,

બંને જણુ પોતાને ઘેર જાયછે.) (પ્રધાન અને સૈન્યાધિપતી, મળીને ડેરાં તંબુ વિગેરે ગાડાંમાં ભરાવી) હાથી ઘોડા વિગેરે ને લેઇને જાયછે.)

નાગબાઇ—(જતી વખતે.) અરેરે, હવે એવો રાજા કીયો છે. જેને શરણે જઇને આ દુષ્ટને સજા અપાવું. અરે!! પણ–મહેમદાવાદમાં મહા પ્રતાપી મહમૂદશાહ છે. ચાલ તેમની પાસે જાઉં. એ નિતીવાન બાદશાહ બેશક એને સજા આપશેજ. (જાયછે. પરદો પડેછે.)

પ્રવેશ છઠો.

(સ્થળ મહેમદાવાદમાં મહમૂદશાહનો રાજમહેલ.)

(બાદશાહ મહેલની, એકાંત ઓરડીમાં, સોનાના છત્ર પલંગ ઉપર આન પોઢણુ) (કરવા સુતા છે. દીવસના બપોરે શીતળ પવન ગમન કરી રહ્યો છે.) (મહેલની બહાર મકરાણી લોકો, પહેરો દેઇ રહ્યા છે.) બપોરી વખતે નજર બાગમાં પાણીના ફુંવારા ઉડી રહ્યા છે. તે જાણે.) (બાગના, સુંદર વૃક્ષોના સુશોભીત રંગીત ફુલોને પ્રફુલિત કરવા.) (અમૃત વરસતું હોય નહીં. ?!!) (આ વખતે નાગબાઇ, પવન વેગે) (આવીને, રાજમહેલની, એકાંત ઓરડીમાં પ્રવેશ કરેછે.) કનકનાં જડીત પલંગ ઉપર, મખમલી, ગદેલાંમાં બાદશાહ પોઢયા છે.) (તે જાણે, અમેરીકાનો સિંહ; પેટ ભરી શીકાર ખાઇને, મદમાં મચી.) (ઇંદ્ર મહારાજના રાજ મહેલમાં પેશી સુતો હોય નહિ. ?!!) (વળી વાત્રક નદી મહેલ પાસે, એવી શોભા આપેછે, કે જાણે સુખ સંપતી) તાણી લાવી બાદશાહને સુલ્તાંન બનાવા મહેલની પાસે આવી હોય નહીં? !! નાગબાઇ આવ્યાં તો ખરાં; પણ બાદશાહ સુતેલા છે.) (બાદશાહને નિંદ્રાવશ થએલા જોઇ, નાગબાઇ એવાં થઈ ગયાં કે) (કમ-

જાતું બીડાએ ફુલ જોઈ, મધુના મનમાં ચિંતા થાય, તેમ નાગબાઇના)
(મનમાં જગાડવાની ચીંતા થઇ, જગાડેછે બાદશાહને.) (ગાયછે.)

નાગબાઇ—(હાથ પકડીને) **રાગ મેવાડા. તાલ દાદરો** (બાઢ)

રૂડા ગુર્જરી સુલ્તાંન નિંદ્રાને ત્યાગો હવેરે,
જાઉં તુઝપર કુરબાન–નિંદ્રાને ત્યાગો હવેરે.
નિશ્ચંત થઇને પોઢી ગયા શું, ઉઠોને મ્હારા વીર;
સ્હાય, કરો, કૃપાનાથ અનાથની આપીને ધારણુ ધીર.
પ્રૌઢ પ્રતાપી, રાજ સૌભાગી, સુતું ઘટે નહીં આમ;
ભલે પાકયો તું ભાણુ ભારતમાં પ્રૌઢ પ્રભાતનું નામ.
સકળ ગુણુ નિધાન સલુણા વિરલા મ્હારા આજ;
દિન પ્રદીન વધો તેજ તાઝે રેહો અવીચળ રાજ.—નિંદ્રાને.

(બાદશાહ જાગેછે. એટલે; નાગબાઈ, એક ખુણામાં જઇને ઉભાં રહેછે)
(એકદમ નિંદ્રાથી જાગૃત થઇને બાદશાહ બોલેછે.)

મહ્મુદશાહ—(પલંગપે બેઠકે) અરે કોઈ હાઝર હય? ! !

પહેરાદાર—જીહાં જહાંપનાહ ! ! હરેક અપને અપની નોકરી-પર હાજર હેં નીંદસે હુશિયાર હેં, હરેક અપને અપને કામમેં સર-સાર હે.

મહમુદશાહ—(પૂકારકે) તો યહાં કોન આયાથા !! જીસ્ને મુઝ-કો બેદાર કીયા; દિલો દિમાગકો પરેશાંન કીયા. !!!

પહેરેદાર—જનાબે આલી યહાં કોઈ આયા નહીં; પરંદુ નેય-હાં; પરમારા નહીં, જીનવ પરીકા યહ યારા નહીં, બીચારે ઇન્સાનકા તો ચારા નહીં કે યહાં આ સકે !!

મહમૂદશાહ—(ક્રોધથી) નહીં !! નહીં ! ! યહ તેરા બોલતાનહય વાકે મેં તું બડા શેતાન હય. સચ બોલ, સો જાનકી અમાન હય ! !

વરન તેરે રહેનેકો જાય ઝીન્દાન હય; ઔર, બાદ ચંદે એસા સમઝકે તન બેજાન હય.

પેહેરેદાર—ગરીબપરવર, યહાં કોઈ આયા નહીં, કીસીને આપકો જગાયા નહીં. અગર આપ ફરમાતેહે, તો ખાવિંદ હે ચાહેસો કીજીએ.

મઝ્હરશાહ—(દીલમે.) યા જલ્લે જલાલ હુ!! તું પાદશાહું-કા પાદશાહ!! ઓર હાકેમું કા હાકેમ હય. તું આલેમુલ્ગેબ હય. હરેક બાત તેરેપે રોશનો જાહેર હય. યહ ક્યા સબબ કે મે બેદાર હુવા; ખ્વાબે ગિરાંસે હુશિયાર હુવા—કલક દિલકા બિમારીમાર હુવા; ઇન્સાન, જીન, પરી કોઈ નજર આતા નહીં. યહ વા ક્યા મગઝમેં સમાતા નહીં.

રાગ. ખમાચકી ગઝલ.

(દીલ છીન લીયા એક જવાને આરબીને એ તર્ઝ.)

બેદાર કીયા, કીસને યાં, આકે મેરે અલ્લાહ;
આકે મેરે અલ્લાહ કહીં ગાકે મેરે અલ્લાહ. બેદાર.
કીસલુત્ફકીથી નીંદમે સુતાથા બ આરામ;
હેરાન કીયા મુઝકો જગાકે મેરે અલ્લાહ. બેદાર.
જીન થા, કે બશરથા, કે પરીથી, કે, મલકથા;
મહેલુમેં શુલો શોર મચાકે મેરે અલ્લાહ. બેદાર.
દીખલાતા હય ઇન્સાનકો, કુદરત કે તમશે;
કુરબાંન તેરી નાઓ અદાકે મેરે અલ્લાહ. બેદાર.

અરે, જો કોઇ, પોશીદહ હો; વોહ જાહેર હોકે મેરે સામને હુ-બયદા હો, જો કામ હો અરઝ કરે, તાકે બંદોબસ્ત તામહો; ઉસકા કામ હો, ઓર મેરા નામ હો;

(એવું કહ્યું એટલે નાગબાઇ જાહેરપણે આવીને કહેછે.)

નાગબાઇ—(બાદશાહને) રાગ. પીલુની લાવણી.

(નવ જઇશ સતીને લેવા. એ રાહ.)

સુણ ગુજરખંડના રાય, શમ્સીર ધરો કરમાંય;
સુલ્તાંન ચાલ મુજ સાથે, મંડળીક મારૂ તુજ હાથે.
કરે વ્યભિચાર, ઘણો આવાર, પ્રજા પોકાર;
સુણીકર સ્હાય, શમ્સીર ધરો કરમાંય.
એ કારણ આવી હું તો કર જુનાગઢ સર તુંતો,
ખુશીછે દેવ, જાવ તતખેવ, પ્રજાના ચેવ,
હૃદયના ઘાય, શમ્સીર ધરો કરમાંય. સુણ.

મહમૂદશાહ—(ખડેહોકે) રાગ. એમન કલ્યાણ.

(કાસમદુલે—એ રાહ.)

સુખકેદાતા (બેવાર) આયે ભલે મુજ ઘર માતા;
મુજ ભુવન પવિત્ર કીયા તુમને સુબ ગુણ ગ્રાતા.

નાગબાઇ—જઇ જંગ કરો, મંડળીકથી લડો, રાજતણા છો મદમાતા,

મહમૂદશાહ—હય ગઢ ભારી (બેવાર) વાકે રક્ષક ગિરનારી.

નાગબાઇ—ગુરૂદત્તાત્રી ને જમીયલશાહ, છે તુજ ત્રાતા;
છે તુજ ત્રાતા, ધર હીંમત હૈયે ભ્રાતા. (મ) સુખકે.

માટે મ્હારા વિરલા, તારાં બ્રામણાં લઉં એકદમ તૈયાર થઇ જા. અને, ગરીબની વારે ચઢ. ભલો, મારો, ઉગતો ભાણ ભલો ! !

મહમૂદશાહ—ઇન્શાઅલ્લાહ; ચંદરોઝમેં દેખા જાયગા.

નાગબાઇ—તારે મ્હારા વિરલા, સિંહતે શીકાર વખતે ઢીલ કરે. ? ! !

મહમૂદશાહ—ખુદા ચાહે તો એક દો રોજમે; તૈયારી હોનેતલગી. અભી આપ યહાં રહો–ફીર સાથ જાઇંગે.

નાગબાઇ—નારે મ્હારા, ગુર્જરી સુબા !! મ્હારે કાંઇ, રહેવાની નાવાઇ છે?!! ને જો આપની એમજ મરજી હોય તો, હું આ વાલક નદીને કીનારે મુકામ કરીને રહીશ. !! જે દીવસે, આપનું સૈન્ય તૈયાર થશે, ત્યારે હું પણ સાથેજ છું. જોજે હો !! મ્હારા સલુણા સુલ્તાંન !! મોટા માણુસ જે મોઢેથી બોલે, તે માથું ગએ પણ પાળવા સમર્થ થાય, ! હવે હું વાલક ને કીનારે મુકામ કરૂંછું. (એમ કહી જાયછે.)

(હાલ મહેમદાવાદમાં તે જગ્યાએ સ્થાનક છે, નાળીએર ચઢે છે અને જે આરે મુકામ કર્યો હતો તે આરો પણ હાલ નાગબાઇનો આરો કહેવાય છે. રાજમહેલથી થોડે છેટે નદીને કીનારે છે.)

મહમૂદશાહ—(પહેરેદારકો) મલિક સિહાદકો મેરેનઝદીક હાઝર કર મલિકસિહાદ આતેહેં.)

મલિકસિહાદ—કયું ગરીબપરવર, ! ! કયા હુકમ ફરમાતેહેં.

મહમૂદશાહ—મલિકસિહાદ ! ! ! ફીલ હાલ લસ્કરકી તૈયારી હો, હરેક અમીર, વઝીરકી સવારીહો, બંદોબસ્ત ખુબહો, મેરે દીલકો મરગુબહો, જુનાગઢકો લેનેકા મેરા અઝમ બિલજઝમહય ખબરદાર !! દેર નહો. હરેક ચીજ મોજુદહો. તાકે દીલ ખુશનૂદ હો.

મલિકસિહાદ—બહોત ખુબ જહાંપનાહ. ! !

મહમૂદશાહ—કલ સુબોહ, સબ લશ્કર તૈયાર કરકે મુઝકો ઇતલા દેના, (બાદશાહ મેહેલમેં જાતેહેં) (પરદા પડતાહે)

પ્રવેશ સાતમો.

(બાદશાહકા ઝનાન ખાનહ.)

ચાંદબાંરાણી, શોસન, રોશન, વગેરહ, વગેરહ.

આંદખાંબેગમ—ક્યું રોશન ? ! ! સુલ્તાંનકી મુઝપે કેસી નઝર હય. ઓર ઉન્કે દીલમેં મેરી મહોબ્બતકી કેસી અસર હય.

રોશન—અનદાતાર, આપકી મહોબત સુલ્તાંનકે દીલમેં ભરી હય. કોઇ એસા વકત નહીં, કોઈ એસી ઘડી નહીં, જીસમેં તુમારા ધ્યાન નહો. જેસે માહતાબકો ચકોર ચાહતાહય. ઉસી તરહ, સુલ્તાંન આપકો બીચાહતેહે. (સુલ્તાન આતેહેં, બેગમ ખડે હોકે આદાબ બજાતેહેં.)

મહમદશાહ—રશ્કકમર કીસ બિચારમેં હય.

(બેગમસ્વાહબકા હાથપકડકે બાદશાહ ગાતેહેં.)

રાગ કલ્યાન કીલાવની

(નોકરી મત જાના સરદાર—એહ તર્ઝ.)

સાંવરી ચલ ચટકીલી નાર (બેવાર)

હેતેરે ખાતિર, આજબ રંગીલી સેજ બની તૈયાર—સાંવરી.

તલાઇ તકીએ ઓર મખમલી પલંગ પોશ ઝરતાર—સાં.

ફુલ સેજપર બેઠ ગુલ્બદન પહેન ગુલાબી હાર સાં

(પલંગપર બેઠના દોનુંકા) (બાદશાહ કહેતેહે)

મહમદશાહ—રાગ કાલીંગડો તાલ ત્રીતાલ.

(અરીયારે પીયાકી બોલી ન બોલ યહ તર્ઝ)

જાને મનરે લડને જાઉં જૂનાગઢકો; સુન જાનેમનરે રાંમંડળીક હુવા બહોત હેઝાની; ડારં ઝમીપે વાકે ધડકો રૈયત વાસે હુવે બેઝાર સબ આબે ઇન્સાફ જાય છિડકું. ઇસ લીએ ગુલબદન મુઝે વહાં જાને કોરઝા દીજીએ.

આંદખાં બેગમ—રાગ સદર તાલ દાદરા

(કટારી કીને મારી એ રાજ)

કેસેમેં આપાંસે કહું, કહું મુઝસે કહા નહીં જાય-રે
આપકે દીદ બીના સુનો પ્યારે છીનહીં સાલ દીખાય,
મહેલમેં મોએ સોહાય નહીં ઔર પલ રહા નહીં જાય રે,

મહમદશાહ—જાને મન કુછ ફીકર ન કરો ઇન્શાઅલ્લા ઉ-રકે ૫ઝસો કરમસે ફતહ કરકે આઉંગા લેકીન ફીર હાલ જાઉંગાકેહ કારે મુશ્કેલ.

ચાંદખાં બેગમ—રાગ જંગલા ઝીંઝોટી ગજલ.

(લગતાહે મુઝે નામ યહ પ્યારા મોહમ્મદી યહતક)
જાઓ જાને મન આપકો અલ્લાહકો સોંપે,
અલ્લાહકો સોંપે રસુલલ્લાહકો સોંપે.
સીધાવ જહાં આપ વહાં રબ ફતહ કરે;
હિમ્મતકો આપકી કરમલ્લાહકો સોંપે.
દુશ્મીન હો તેરે ખ્વાર તમામ અય મેરે જાની;
તાબે હો કુલ જહાં ફતહલ્લાહકો સોંપે.
દિલસે હય દુઆ હકમેં તેરે શાહ સદાસે;
અલ્તાફ કરે રબ અસદલ્લાહકો સોંપે.

શોસન ? ! ! વોહ ચંબેલી કે ફુલોંકા ખ્વાનચાહ ઇધર લા. (ઉસ ફુલોંસે બાદશાહકો, બધાતે હેં; ઔર હાર પીનાતેહે.)

મહમદશાહ—ગુલબદન, ખેરંજ રહેના, અમરે અલ્લારસેં મેં-ફતહ કરકે, ચંદરોજમે વાપસ આતાહું. (જાના બાદશાહકા.)

પ્રવેશ આઠમો.

(બાદશાહ દીવાનખાનેમેં ખડેહે.)

(મલિક સિહાદ આતેહેં.)

મલિક સિહાદ—જહાંપનાહ, બમુજબ ઇર્શાદ કરને આપકે;

લશ્કર દરે દોલતપે હાજર હય. તમામ હુકમ કે મુન્તેઝીરહે. જેસા હુકમ હો બજાલાએં અલાવા ઉસ્કે ફીલે શાહાના હુજુરકી સવારીકે વાસ્તે તૈયાર રખ્ખે હૈં સબ ખુદાંકીલાં હાજર હય. અપને અપને ઓહદુંપર નાઝીર હય; અસબાબ તમામ જમેં કીયા હય. તાકે વકતે જુરૂરત દીકતો તકલીફ ન હો, બહુકુમ સરકારકે; પાંચ કરોડ મહોરેંભી તૈયાર રખીહૈં !!

મહમૂદશાહ—તમામ લશ્કરકો, બઅેહતમામ કામિલ જો રાસ્તાકે, તરફ જુનાગઢકે બરાબર ગયાહો. ઓર રાહમેં ખુદા નોરાકી તકલીફ ન હો. વોહ રસ્તેસે રવાના કર દીજીએ.

(બાદશાહ, ઓર સબ લશ્કર બડી ધામધુમકે સાથે જાતેહે.)

(જાતે વક્ત લશ્કરકે લોગ ગાતેહં.)

રાગ જંગલા. એકતાલા.

(લાગા જુરમુરકા બજાર—યહતર્ઝ.)

૧ સિઃ ચલોને બંકે સરદાર, સરદાર મેરે યારો. ચલો.

૨ સિઃ તોપેંજંજાલેં લેલો સંગમે, મારો, રાંમંડળીકો માર. માર.

૩ સિઃ ઢાલે તલવારે ખંજર, ઓર ભાલે; બાંધો કમ્મરસે કટાર; ચલો

૪ સિઃ જુનાગઢ સરકર આઇંગે સુલ્તાં; તબતો આ જાય બહાર.

૫ (અ) જો કેહ ગનીગે વહાં બહાદુર; બનાઇંગા અફસર સાલાર—

૧ સિઃ હાંરેહાં ચલોને બંકે સરદાર, સરદાર મેરે યારો=ચલોને

(કેટલાંક હાથી, સોનાની અંબાડીઓએ શણુગારેલાં છે.)

તે મદમાં મસ્ત થઇ ઝુલતા ઝુલતા ચાલેછે. તે એવા દેખાયછે કે જાણે પર્વતો ઉપર બરકચીની ઝુલો ઓઢાડી, સુલ્તાન પોતાના તપોબળથી હાંકી જતા હોયની ?!! અને હઝારો હાથીઓ ઉપર મોટી

મોટી નોબતો ગુંજી રહીછે તે જાણે, ભાદરવા માસમાં મેઘના મહાદ-ળથી, ગર્જના થતી હોયની ? ! ! તુર્કી અને એરાકી અસંખ્ય ઘોડા સોનેરી જડાવના સાજ સહીત, કુદી રહ્યા છે.) છે જાણે અનેક તરેહ તરેહના વાજીત્રોની સાથે તાળ દેતા હોયની.? ! !

(સવારી જાયછે અટલે પરદો પડેછે.)

(પરદા બહાર વિદુષક આવેછે.)

વિદુષક—ઓઅલી, ! ! ! ઓઅલી ! ! ! ક્યાં મરી ગઇ. ! !

રંગુડી—શું કહોછો મારા છેલ માંકડાવર જાણે ખુબીવાળા ખર;

વિદુષક—હોંચી હોંચી, હોંચી. (બુમો પાડેછે.)

રંગુડી—હાય, હાય, બળ્યું, આવું શું બોલો છો, હુંતો શર્મા-ઇને ઢગલો વળી જઉંછું કે મ્હારા વર આવું બોલે. ? !

વિદુષક—અરેરે; તું મ્હારી ભાષા ન સમજી ? ! ! એતો, ખુશા-લીનો પોકાર;

રંગુડી—તમને પણ ખુશી પેદા થાયછે કે શું ? ! !

વિદુષક એમ કેમ; માણુસાઇનું પરમાણું તો, તમેજ લાવ્યાં છો કેની ! !

રંગુડી—ધન્ય, ઘડીમાં, ઘોડા; ને ઘડીમાં ગધાડા; એકે ઢંગ ન-થી. તમારામાં તે ઢંગ ક્યારે આવશે. ? ! !

વિદુષક—રાંડ સમજતી નથી. વળી નંગમાં તે ઢંગ હોય. ઝ-વેરી લોકો હોય તો પરખે તું શું જાણે, ખાખરાની, ખીલોડી, ! ! લે ચાલ હવે આપણે જંગલકી સેલ કરવા જઇએ.

રાગ ખરવો એક તાલો

હો રંગુડી મ્હારી સાથે ચાલને મ્હારૂં મન લાગ્યુંછે રંગલી-

રંગુડી નિત્યે જતુંજ મ્હારે વાડીએ હું-હે ટચ-ટચ-ટચ-
રંગુડી લીલા તે વાંસની છે ટોપલી,
રંગુડી ઠુમકે ઠુમકે ચાલને મ્હારૂં મન લાગ્યું છે.
બચ-બચ-(બચકારી વગાડેછે) હો રંગુડી.

(રાગ બરવો પીલુ એક તાલા)

રંગુડી— (તેરા મર જાય ફીજરકીકાં ગઈથી એહ તર્ઝ)
તારી સાથે હું આજે નહીં આવુંરે નહીં આવુંરે (૨)
(ડચકારી વગાડેછે) ટચ નહીં આવું (બેવાર)
બેસો બડકામણા શોભોછો રૂડા;

વિદુષક—ચટકીલી-મટકીલી-લટકીલી તું-(રં) તારી સાથે
વિદુષક—સાંભળ પ્યારી (રંગુડી)-જાઉ હું વારી.
વિદુષક—હવે ન બોલું ચીં-ચાં-કે-ચું તારી સાથે.
રંગુડી—ચાલો સાથેજ પ્યારા આવુંછું હું (જાયછે)
(જાયછે) (પરદો ઉઘડે છે.)

પ્રવેશ નવમો.

(સ્થળ જૂનાગઢમાં રા'મંડળીકનું જનાનખાનું.)

રા'મંડળીક-સુંદરબા.

રા'મંડળીક—કેમ કમળાક્ષી તારાં નેત્રે આજ તામ્ર રંગ કેમ પ્રસર્યો છે.!!

સુંદરબા—પ્રાણજીવન!!

રાગ શોહાનો કાનડો તાલ દીપચંદી.

(કમળ વદન મૃગલોચની રાધે-એ રાહ)

પ્યારા રસ રંગ માંહી રંગાણી;

કેલી કરી હૃદયે હરખાણી. પ્યારા.
વિરહની વહની જે હતી તનમાં; શાંત થઇ સઘળીજ બુઝાણી.
તન મનમાંહી હર્ષ હું પામી; જેમ હર્ષે મીન જોઇને પાણી
રાચંદન વૃખ ભૂપછો રૂડા; તમથકી હુંજ લતા લપટાણી.

પ્રાણપતી આપનો પ્યાર દેખી આ મ્હારો ચંદનહાર ક્ષણે ક્ષણે મ્હારા મુખની નજીક આવતો જાય છે તે પણ જાણે રસ વિનોદની વાતો કરવા ચાહતો હોયની?!! (પ્રતીહાર બોલે છે)

ચોબદાર—મહારાજાધિરાજ બાહેર પધારો.!! આ એક મહમુદશાહનો માણસ કાગળ લેઇને આવ્યો છે(રાજા મહેલની બાર આવે છે) રાજા બહાર આવે છે અને રાણી એક બાજુ ચિકની પાછળ ઉભાં રહે છે.)

જાસુસ—રાજા સાહેબ?!! યહ હમારે બાદશાહને ખત ભેજા હૈય. (મહમુદશાહનો માણસ કાગળ આપીને જાય છે)

(રાજા કાગળને મનમાં વાંચે છે) (ચોબદાર જાય છે)

સુંદરબા—પ્રાણપતી!! એ કાગળમાં બાદશાહે શું લખ્યું છે? તે કૃપા કરી જાહેર કરશો?!! (રાજા કહે છે)

રા'મંડળીઃ— રાગ પીલુની લાવણી.

(જબસે કલંદર બન બન એ તર્ઝ)

મહીપ મહમદશાહ કરીને મુજ સંગ લડવા આવ્યો છે.
અહીંયાં આવી રોફ બતાવી પત્ર લખી દર્શાવ્યો છે.
પ્યારી કૃપા કરી તમો મુને આપોને રજાય
ક્ષત્રીનું લોહીતો નસોનસ ઉકળાય,
હાય, હાય, મારૂં ઠાર મારી ખડગનો ઘાય.

સુંદરબા—અરેરે પ્રાણપતી આવો વખત પર્મેશ્વરે પોતાના

બાદળમાં સંતાડી કેમ ન રાખ્યો.!!

રાંમંડળીક—અરે! કાયર! ક્ષત્રીનો જ્યારે એવો વખત નહીં આવે તો તે પોતાનું પરાક્રમ ક્યાં દેખાડશે.!!?

સુંદરબા—(પોતાના મનમાં અંદેશો હતો તે વિષે.)

રાગ. અરગંદની લાવણી.

(દેખી તેરી વફાદારી—એ રાહ.)

હતું તેજ થયું પ્યારા આજ મનવિષે મ્હારા. હતું.
સતીનારીનો જે આપ; લાગ્યેજ અમાપ;
તેને, પરીતાપ—નીધાન નિર્ધા આ. આ. આ.
આ, આ, આ—આ-રા—હતું તેજ થયું.

રાંમંડળીક—(ક્રોધથી) રાગ પીલુની લાવણી.

(બસ જાવ અહીંથી ખાવા એ રાહ.)

ચુપચુપ અરે શું બકેછે, દાઝ્યાપર ડામજ દેછે, ચુપ
હતું શાંત હૃદય જે મ્હારૂં; તેપર ચાંપે અંગારૂં.
હવે બસ બસ!! દુર ખસખસ; મ્હારો આપજશ;
મુખેથી કહેછે દાઝ્યાપર ડામજ દેછે;
જોયું ડાહપણ મેં ત્હારૂં; શમ્સીર હવે કર ધારૂં;
આજ આવાર છોડ તકરાર, મોત નિર્ધારજ,
ત્હારૂં ભમેછે. દાઝ્યાપર ડામજ દેછે. ચુપ.

સુંદરબા— રાગ ખમાચનો દાદરો.

(આવત મોરેરી—એ રાહ.)

ભલે સીધાવોરે (ભેવાર) હવે બોલું નહીં તલબાર.

પ્રીતીની રીત, વિપ્રીત કરી, આ નારપર,
ન થાવ ક્રોધાયમાન; નવ સતાવોરે. ભલે.
કુંદન—રાજરાણી સુજવાણી સ્વીકારી; સમય લ્યો વિચારી;
ચૌદ વિદ્યા ગુણ જાણ. (હાથ જોડીને)
કેશરી—બાઈ છો સુજાણ—જરા ગમ ખાવોરે,
સુંદરબા—ભલે સાધાંવોરે—(એવાર)

રા'મંડળીક—બસ!! ખબરદાર; ચુપ રહે!!
(તલવારખેંચીને) **રાગ વસંત બહાર ત્રીતાલ.**

(કલીયન સંગ કરકે રંગરલીમાં—એ રાહ)
નિર્ધાર મહમદશાહ મારૂં હાર, હારહાર નિર્ધાર હાર.
એનો શોછે ભાર લડે હુંથી આવાર. નિર્ધાર.
સૈન્ય સઘ તૈયાર કરાવી, શાહને પડાવું પોકાર. હાર.
(એમ કહી તલવાર ખેંચીને રાજા જુસ્સાભેર બહાર નીકળેછે.)
(પડદો પડે છે.)

પ્રવેશ ૧૦ મો.

(રા'મંડળીકનું દીવાનખાનું)

રા'મંડળીક—(ચોબદારને કહે છે.) અરે તન્હલને બોલાવો !!

તન્હલ—(આવીને) શો હુકમ છે સાહેબ!!! (સંગ્રામસિંહ આવે છે.)

રા'મંડળીક—અરે પ્રધાનજી એકદમ લડાઇની તૈયારી કરો. ને એ લોકોને એકદમ ત્રાસ પમાડો!! કે મદની માંખ્યોની પેઠે હર વખત આવવું મૂકીદે. એક વખતે કેટલીક ભેટો અને સોનાનું જવા- હીરદાર છત્ર મોકલ્યું હતું છતાં હજી આવી—આવીને રૈયતને સંતાપે છે. માટે એકદમ હુમલો કરી નસાડી મુકો મ્હારા બાપ !! (સંગ્રામ-

સિંહ કહે છે.)

સંગ્રામસિંહ—મહારાજાધિરાજ એ વાત કંઇ સાબીત નથી.!

રા'મંડળીક—વાહ ધન્ય છે એકદમ ફોજ તૈયાર કરો. અને મ્હારા સઘળા પટાવતોને બોલાવો. (સઘળા પટાવતોને બોલાવે છે.)

તન્દુલ—(રાજાને) મહારાજા ધિરાજ!! આપણી સઘળી ફોજને જુનાગઢના કીલ્લામાં રહેવા કરતાં ગિરનારના કીલ્લામાં રહેવું સુખદાયક થઇ પડશે; કારણકે, તે કીલ્લામાં ખુરાકનો બહુ સારો બંદોબસ્ત છે. વળી ખોરાક પુષ્કળ છે અને તે કીલ્લો પણ બહુ મજબુત છે. માટે ફોજ સઘળી તૈયાર કરીને ત્યાં પધારો સાહેબ. *

રા'મંડળીક—વાહવાહ!! ધન્ય છે. એકદમ ફોજ સજ્જ કરાવો: (હાથી ઘોડા વગેરે શણગાર્યા છે. અને સઘળા બાહ્યાતો એકઠા થાય છે અને કેશરીયાં વાઘાં પહેરીને ફોજ તૈયાર થઇ ને બડી ધામધુમથી નીકળે છે. ડંકા વાગી રહ્યા છે. નિશાન ફરકી રહ્યાં છે.) (રાજા હાથી ઉપર સોનાની અંબાડીમાં બેસીને નીકળે છે. કેશરીયાં કપડાં અને સુવર્ણના જડીત દાગીના અને ચહેરાની એકજોઇ થઇ છે. શહેરની બહાર ફોજ નીકળે છે. તે જોઇને નાગબાઇ કહે છે. સ્થળ ગિરનારનો કીલ્લો.)

નાગબાઇ—(બાદશાહને) અનદાતાર, હવે જશના ડંકાના છે. માટે હવે વાર થાય નહીં મ્હારા ઉતાવળાણુ.!!!

મહમદશાહ—બહોત ખુબ તુમ્હારે કહેને મુજબ અમલ કીયા જાયગા.!!

નાગબાઇ—હાં ગરીબ પરવર હવે જોવાનું કામ નથી એતો એજ.!! " કાંઇ; આંગળી કાપ્યાવિના લોહી નીકળશે ? ! !

---

* તન્દુલનો, ઇરાદો મુસલમાનોને; કીલ્લો, સરકરાવવાનો હતો.

મહમુદશાહ—મલિકસિહાદ!!! વોહ મીસરી, યલમાની, મગરીબી વ ખુરાસાની સમસીરેંહિ સો મેરે રબરૂ હાઝર કરો.

મલિકસિહાદ—બહોત ખુબ જહાંપનાહ, (તલ્વારે લાતેહેં.) આઠ શેર સોનાની નકર મુઠોની ૧૭૦૦ મીસરી તલવારો પાંચશેર સોનાની નક્કર મુઠોની ૩૩૦૦ યલમાની તરવારો તથા મગરીબી અને પાંચશેર ચાંદીની નક્કર મુઠોની ૧૭૦૦ ખુરાસાની તલવારો, મલિક હાજી તથા મલીક, કાલુ તથા મલિકઇસા, તથા મલિકસારંગ તથા તાજખાંન તથા મિરઝાં ફુરબેગ વીગેરે અમીરોને તથા સરદારોને તથા ફોજમાં સર્વેને એ હથીયારો તથા તિલીંગાનાથી મંગાવેલાં જવાહીરદાર જડીત્ર લોહાના શસ્ત્ર બાદશાહ બક્ષીસ આપે છે.)

મહમુદશાહ—બસ!! અબ કયા દેરહય બીસ્મીલ્લાહ એકદમ દુસ્મોનોકો કત્લ કર ડાલો.!! (અમીરો અબો અને તુર્કો એકદમ હુમલો કરે છે તે વખતે બહુજ તલવાર ચાલે છે. અને હીંદુઓમાંના કેટલાક તલવાર નીચે કામ આવે છે અને મુસલમાનો પણ કેટલાક શહીદ થાય છે. ભારે લડાઈ જામ્યા પછી મુસલમાની લશ્કર જુનાગઢનો કીલ્લો કબજે કરે છે. અને શહેરમાં દુહાઇ ફેરવી નોબત ગગડાવી ઇસ્લામી નીશાન ચઢાવે છે ને રાજાને પકડી લાવે છે.)

મલિકસારંગ—(રાજાને પકડીને) જહાંપનાહ યહ રાજાકો કબઝકીયા હય.!!

(બાદશાહની રૂબરૂ રાજાને લાવે છે.)

મહમુદશાહ—વાહ!! વાહ!! કયા ખુબ જવાનોં ને બહાદરીકી હય ઓર વોહ જંગ મચાયાહય કે દીદન શનીદ અબ મંડલીકકો તોકો સલાસિલ પેહનાકે ચાલાક નિગહબાનુંકી નીગહબાનીમેં રખા જાએ (રાજાને પહેરામાં બેસાડે છે.) તાજખાંન?!!

તાજખાંન—જીવે જહાંપનાહ, !! કયા હુકુમ હૈ ? !

મહમુદશાહ—અભી આપ પાંચ હજાર તુર્ક કે સાથ યહાં રહો, ઔર ઇસ રાજાકે મહેલકી જાય. પે, બહોત ઉમદહ મસ્જીદ તામીર કરવાના આજ હમ ભગ્ગે લશ્કર તરફ મહેમુદાબાદકે, રવાનાહો ના ચાહતેહેં ખબરદાર તમામ કામ હુશીયારીવ ચાલાકીસે હો. કીસી તરહકા ખલલ નહો, કેટલાક દીવસ પછી બાદશાહ મહેમદાવાદ આવે છે મંડળીકને લશ્કરની સાથે લેઇને બાદશાહ જાય છે.)

રા'મંડળીક—(શહેર છોડીને જતી વખતે.)

રાગ સારંગની ગજલ.

(નકશા હમારે રેનકા જંગલમે—એ રાહ.)

કરી છે કામદેવેતો, આવી દશા મ્હારી,
આવી દશા મ્હારી મેં જોયું ન વિચારી   કરીછે.
હાય કહેવું એનું કાનપર આગળથી નવ ધર્યું.
કેહતી'તી' તે થયું મ્હારી પતીવ્રતા નારી   કરીછે.
કામદેવે કોઇનું કલ્યાણ શું કર્યું. ? !
જનેજનેરે સજ્જનો મ્હારી ગતી ઉરે ધારી   કરી છે.

અરેરે !! એક દીવસે હું આ ગામનો રાજા પણ હતો. હાય જે જંગલમાં હું પયદલ પણ ચાલતો નહોતો તે જંગલમાં જંજીર સહીત ચાલવું પડે છે.!! જે મ્હારી પતિવ્રતા નારી એક પળ પણ મારાથી જુદી રહેતી નહોતી. હાય !! હાય !! તેનું હવે મ્હારા વિયોગે શું થશે. ? ! ! હાય. ! !

મલિકઅયાસ—(રાજાને) અરે કયા બકવા કરતાહે ચુપ રહે !! એસા અકલમંદ થા, તો અવ્વલ કયું ન સોચા.? ! !

શંભકળી—હાય, હાય! હવ શું થશે.?! અરે!! કામદેવ ધિક્કાર છે તને ધિ:કાર છે.!! તનેતો શંકર મળે એવજ દાવનો છું.

વિદુષક—(છાનોમાનો) તમને પણ તન્દુલ મળે એવજ દાવનાંછો.!! (સઘળા જાય છે ફોજની સાથે જાયછે.) (પડદો પડે છે.)

પ્રવેશ અગીઆરમો.

(સ્થળ અહમદાબાદમાં મહમદશાહની કચેરી)

મહમદશાહ—કાઝીસાહેબ!! ફરમાંન.!! ઉસ પરવરદીગારકી કુદરતકે.!

કાઝીસાહબ—હાં, ગરીબપરવર! બજા ફરમાતેહેં, ખુદા પાલ પલકમેં ચાહે સો કરે. કયું કેહ વાહ સુલ્તાંનુલસુલ્તાંન હય.

ભીમાબારોટ—અનદાતાર ખુદા ચાહે તે કરે તેમાં શક નહીં મોટા રત્નાગર મહાસાગરને પળમાં પુરી નાંખે, અને નાની ખાઇને રત્નાગર બનાવી દે, અને તરણાનો મેરૂ કરતાં સરજનહારને જરા પણ વાર નથી.

મલિકસિહાદ—સચહે યહ બાતભી વોહ બડા ઝબરદસ્તહય મુસ્લીએ ઉસકી ઇબાદતમેં મશગુલ રહેના ઓર ખોફખાના.

ભીમાબારોટ—બેશક ડરતુંજ જોઇએ. કારણ કે અહીંથીતો ત્યાં જવાનું છે, પણ ત્યાંથી કયાં જવાનું છે.?!! કહ્યું છે કે.

કબિત

બોલોજી મિંત ઘરી ચીતમેં બીચારયહ;
કરોગે કહા જબેં કર કાલ કે ફસાઓગે;
મોટલ બનંત બડી બાતોંકી ઉમંગ રખે;
લીઆ દીઆ કીયા હોગા એસા વહાં પાઓગે.
કરની સુધા ધરનીકે બનાવને મિષ્ટાંન પાક;

લેલો શુભ ભોજન વહાં જાકે કહા ખાઓગે.
હગાઇ, લુચ્ચાઇ, ચોરી કરકે હજાર ફંદ;
યહાંસે વહાં પુની વહાંસે કહાં જાઓગે.

———o———

મહમુદશાહ—તો ઇસ દારૂલફાનીમે કીસ્તારેસે રહેના ચાહીએ, મલિકકાલુ ? !

મલિકકાલુ—જહાંપનાહ, ઓર કયા ફક્ત રબ્બુલઆલેમીનકો, યાદ કરના, હરકીસી જાનકા ભલા ચાહના, ! ! ઓર રહેમ રખના

ભીમાબારોટ—અનદાતાર આ દુનીઆમાં સરજનહારને ભજવાજેવી બીજી મોટી ન્યામત એકે નથી.

કાજીસાહબ—સચહય ! ! જીસ્ને ખુદા ઓર ખુદાકે હબીબકો ન પહિચાના, ઉન્કા પેદા હોના માનંદહેવાનાતકે હય, બકોલ શેખ, સાદી શિરાઝી, **બેત,**

ખલાફે પયંબ્બર, કસેરા ગુઝીદ;
કે'હરગીઝ બમંઝીલ નખ્વાહદ રસીદ.

મહાફિઝખાંન—બજાહે આપકા ફરમાના, કાઝસાહબ? ! ! નકલ મશહુર હયકેહ, નાબીના, બેદાર હુવા તોબી કયા!! જોકે સંગ દિલહેં, ઉન્હોંને વાઅઝ સુની તોબી કયા, ન સુની તોબી કયા ! ! બકોલ શેખ સાદી શિરાઝી. **બેત.**

બસિયાહ દિલચે સુદ ગુફતને વાંઝ;
નરવદ મેખ આહની દર સંગ.

મહમુદશાહ—કોઇ હાજર હય મંડલીકકો હાજર કરો. ? ! !
(મંડલીકકો લાતેહેં) (રાજા ઉદાસીમાં ગાય છે.)

રાંમડળીક- રાગ આશાવરી તાલ દીપચંદી.

(કહુંશું નસાંમે એ રાહ)

પાપ કર્યાં બહુ હાય હરીમેં, કર્મ કર્યું સત્યને વિસરીમેં. પાપ.
સતી નારીનું મેં કહ્યું ન માન્યું સતીઓને સંતાપી અરીમેં,
ગુરૂદત્તાત્રીએ શીખ દીધેલી, તેતો જરી નવ કાન ધરીમેં;
કરજો કૃપા હવે મ્હારા પ્રભુજી ડગલું ભર્યું નહીં તુજથી ડરીમેં. પા.

:o:

મહમુદશાહ—કાઝીસાહબ? ઈસ્કો ક્યા સજા દેના ચાહીયે. ? !

કાજીસાહબ—ઈસ્કો એક કામેદીન જારી કીયા જાય.

મહમુદશાહ—ક્યું ! મંડલીક ઇસ્લામમેં કુબુલ કરતા હય.?!! (રાજાની દ્રષ્ટિ સુલતાનના ભવ્ય મુખ ઉપર પડતાંજ રા'મંડળીકના મનમાં ઇસ્લામ ધર્મની આસ્થા ઉત્પન્ન થઈ.)

રા'મંડળીક—હું સુલતાનને શરણે છું. ! ! અને શાહની મનોવૃત્તિ પ્રમાણે વર્તવા ખુશી છું. જેને આપ ઇસ્લામ ધર્મ, કહોછો તે મુને બતાવો. ! !

મહમદશાહ—કાજી સાહબ; ઈસ્કો કલમા પઢાઓ. !! (કાજી-મંડળીકને મુસલમાન બનાવે છે.)

(હી૦ સ૦ ૮૭૬ માં રાયને ખાંનજહાંનો ખીતાબ આપી જાગીર આપી.)

મહમદશાહ—(મંડળીકને કહેછે;) તેરે ઇસ એતેકાદસે મેં બહોત ખુશ હુવા ઓર તુજકો; ખાંનજહાંકા, ખીતાબ દેકે હમારી હુંઝુરમેં રેહનેકા હુકુમ કરતેહેં (બાદશાહ; રાજા મંડળીકને ખાંનજહાંના ઇલકાબ આપીને અમીર) (બનાવી પાસે રાખેછે; હાલ તેમની કબર શહેર અમદાવાદમાં છે.)

મહમદશાહ—અય, પરવરદીગાર, મેં તેરી કોનસી શુક્ર ગુ-

ઝારી કરો.

રાગ જંગલા ગજલ.

(શુક્ર અલ્લાહકો જીસનેકે—યહતર્ઝ.)

રહેમતે ખાસસે, અય રબ તેરા દીદાર દીખા;
રૂએ બાતીનકો તેરે સાફલી ઝળકાર દીખા.
કર રહેંહુ તેરે દરપે હમેં આસ્વીઅરઝી;
આકે બતખેર, હો દુનિયા ગુલે ગુલ્ઝાર દીખા.
ફુલખતા માફ કરો સાફ જીગર કર મેરા;
દિલ રૂજુ તેરે તરફ હો વહી હરકાર દીખા.
ખુશ નઝર દેખતું **મોલા** વહી ચાહે મોટલ;
તુઝ સીવા કોન ગરીબોંકા મદદગાર દીખા.

(પછી રાંમંડળીકના મંદીરમાંથી સોનાની મુર્તીઓ લુટગાં) લાં-બ્યા હતા; તેને બાદશાહ, અમીર ઉમરાવોમાં વહેંચી આપેછે.) (પછી કચેરી બરખાસ્ત થાયછે. (પરદો પડેછે.)

અંક બીજો પ્રવેશ પહેલો.

(સ્થળ ચાંપાનેરમાં, પતાઇ રાજાનો રાજમહેલ.)

(નવરાત્રીના દીવસોમાં સઘળી, રાણીઓ, રંગમહેલના ચોકમાં) (સોળ શૃગાર, બત્રીસ અબરંગ સઝી ગરબા ગાયછે.) (રાણીઓ એવી શોભેછે જાણે; વસંતપંચમીને દીવસે) (અપ્સરાઓ બણી ઠણી, ઈંદ્ર મહારાજને ખુશ કરવા આવી હોયની ?!!!) (આ ગરબામાં, કાળકા માતા પણ, અપસરાના વેશે પધારેલાં છે.) (આ સમયે, પતાઇ રાજા અટારીમાં બેઠા બેઠા જુએછે; અને સાંભળે છે.)

સર્વે રાણીયો—રાગ જંગલો ઝીંઝોટી ગરબો.

(જાવ જાવ જીવણ જુઠડા શું-એ રાહ.)

સખી શોભા કેવી બની આ રંગ મહેલની;
નવરાત્રી છે, ગરબો તું હર્ષે ખેલની. સખી
સખી બાગ જાણે, ઇંદ્રપુરીનો અહીંરે;
તેમાં સખીયો ઝુકીછે કનક રંગ વેલની. સખી.
સખી જોબન પુર મદનના મદથી મચીરે;
દીવસ રાત્રી છે. ગાવા બજાવા અને સ્હેલની. સખી.
સખી શૃંગાર સાગર તો લ્હેરો ખાયછે જો;
તેમાં સંગિત છે જાણે રસરંગ રેલની. ? સખી.

દોહરો—ગત મૃદંગની વાગતી, વાજીંત્રો ચહુંકોર;
તાળ તાળીના સમપરે, દેછે ઝાંઝર શોર.
ઝીણી લંબરની ઘુઘરીઓ, ઝણુકી રહીરે,
વૃત્તિ સુણવા બંધાઇ ભૂપ ઈંદ્ર છેલની. સખી.

રાગ મજકુરની ગરબી.

(પુંનમ ચાંદની-એરાહ.)

શરદ ચાંદની રૂડી શોભી રહીરે;
વળી ઝળકે છે તારા મંડળ જોત;
હર્ષે ગાઇએ સંગીતે એનો સાથમાંરે. શરદ.

દોહરા— માંગભરી મોતી તણી; દામની દમકે સાર;
ગુંથી રૂડી વેણીયો કંઠે ચંદનહાર
મોતીમાળાયો ઉરોજે ઓપી રહીરે;
જાણે ગંગા આવ્યાં, ઉછરંગ માંહી હોંશ.

શ્રવણુ ઝાલ અલોલક લળે જડીત હીર લાલ;
બેસરનાકે ચળકતી જાણે ઉડગન ગાલ;
અંબર જરકસ ચોળી કીકથકી ઝળકી રહ્યાંરે;
ઝુમર દીપકાંમાં મળી ગઈ જ્યોત હર્ષે.
નંગ જડયાં હીમ વીંછવાં ઝાંઝર પદ ઝમકાય;
કનક ચુડલા કર ધર્યા બાજુબંધ શોભાય.
અર્ધ ચંદ્રે બીંદુલાલ ઘણું શોભી રહ્યું રે.
સ્યામ તીલક ગુલાબ ગુલમાંય હર્ષે.
ચંદન અર્ચ્યું અંગમાં મૃગમદ અંતર વાસ;
નણદલ વીરો નીરખીને રહે નીરંતર પાસ;
કામકળાતણો અંગમાંહી રંગ છેરે.
રુડો મહોચ્છવ તણો દીન આજ. હર્ષે.

(ગરબામાં કાળકા માતાને જોઇને રાજા કહે છે.)

જયસિંહજી—આહા ! ! હા ! હા આજે કોઇ નવીન સ્ત્રી મ્હારા રંગમહેલ વિષે આવી છે શું ? ! આવી ખુબસુરત સ્ત્રી મ્હારા પટાવતોમાંના કોઇ પટાવતની સ્ત્રી હશે, ? ના ! ના ! ! આવી રૂપાળીએ ક્યાંથી હોય. ? ! ! આતો જાણે મ્હારું મન મોહીત કરવા ઇંદ્રને લોકથી અપ્સરાતો ન આવી હોય ? ! ! શું ? ! ! આતે ઇંદ્રની ઇંદ્રાણી હશે વારુ ! ! ! કે આતે અપ્સરાનો અવતાર, કે આતે કામદેવની રતી ધન્ય છે? ! ! આવા રત્નના વિલાસીને અને મુંને પણ ધન્ય છે; જે આજ રાતના સમયે મ્હારી દ્રષ્ટિગોચર થઇ; બસ ! ! આજ ગમેતેમ થાય પણ જતી વખતે રસ્તામાં પકડી એની સાથે રસરંગ માણું તોજ મ્હારું નામ જયસિંહજી, અરે ! ! જીવ શાંત થા!શાંત થા.! શાને ધી-

ફેર કરે છે. આ રાજાના ઓળીઆમાં તેં વાસ કર્યો છે. તો તને એ અરવિંદમુખી મળશેજ. ! !

(એટલામાં ગરબો થઇ રહ્યા પછી રાણીયો પોતપોતાને શયને જાય છે અને માતાજી પણ પોતાના સ્થાનકે જવા નીકળે છે.)

જયસિંહજી—ચાલ ! ! મ્હારા તરૂણ વિલાસીજીવ ! ! હવે તારે ભોગવિલાસ કરવાનો સમય સમીપ આવ્યો. ! !

(અટારીપરથી નીચે ઉતરે છે (ગાય છે)

રાગ સોરઠની ગજલ.

(ગઇએક બએક જોહવા એ રાહ)

જેણે પ્યારી આવી માણી નહીં તેને જગતમાંહી ધિઃકાર છે;
તેને જગતમાંહીં ધિઃકાર છે તેનો વ્યર્થ આ સંસાર છે.
દુનીઆમાં ભાગ્યશાળીજ એ, જેને પદ્મણી હોય માણવા,
ઇશે તેને અકરમી ઘડયો, જેને શંખિણી ઘેર નાર છે.
આવી ચીત્રણીનેજ પ્યારથી, ભરી અંક જેજ ભેટયો નહીં;
હોય રંક શુંકેજ રાજવી પણ ફોગટ અવતાર છે. જેણે.

ચાલ જીવ જોઇએ એ કયાં જાય છે. ! ! બહાર જાય છે આતો ! વારૂ ઠીક છે. એણે મને પણ જોયોતો હશેજ. ! ! વાહ વાહ ધન્યછે. ઈંદ્ર મહારાજ આશક થયા હતા, તે અહલ્યા પણ આથી રૂપાળી નહીં હોય ? ! ! (પાછળ પાછળ જાય છે અને ગાય છે)

રાગ ભીમપલાસની ગજલ. (મુસ્તેઆદ)

(દીલકે દેનેસે કીસુરા મુઝે ઇન્કાર નહીં એ-રાહ)

દયા લાવીને હુંપર આજરે ત્રીપુરારી-સુણોને અર્જ મ્હારી;
બનાવ્યો મુજને તેં પાવાગઢરો ભુપ ભારી-પ્રીયા કેમ નાપી સારી.
કમળાક્ષીના નયન ઘાવ મુને વાગ્યા છે;-મદનજી જાગ્યા છે.

નરૂઆના છે લાગ્યા મુને ઘાવકારી;–પકડી કરું જારી.
ચાલ હવે જીવ અહીં શીદને હું રોકાઉં–પકડી શયને લાઉં;
એવી હશે નહીં ઇંદ્રપુરીમાં કોઇ નારી–મારા હૃદયે પ્યારી.
(ગાતા ગાતા જાયછે.)

પ્રવેશ બીજો.

(સ્થળ કીલ્લો, અને દરવાજો.)

જયસિંહજી—અહાહાહ !! આ સ્ત્રીતો, પોતાની મેળે ચાલીજ જાયછે. આતે ચંદ્ર પોતેજ માહારા મહેલની શોભા જોવાને માટે, સ્ત્રીનો વેશ લેઇને આવ્યો હતો કે શું?!! નહીં તો ચંદ્રની અને, એની એક જોત ક્યાંથી હોય? !! આ સફેદ પ્રકાશ ચંદ્રનો છે,!!કે આ ભામનીના મુખનો.? અરે! આ જનાવર શા ઉડેછે.!!? અરે હા !! આતો ચંદ્રમુખ જોઇ ચકોર ભોળવાઈ ગયાં છે. બસ જીવ ચાલ; શું જોઇ રહ્યો છે? પછી ક્યારે પ્રેમ બાંધીશ.? (એવું કહીને રાજા માતાજીની પાસે જાયછે.) (એકદમ હાથ પકડીને) અરે !! ઓ રંભા મુને ઘાયલ કરી ક્યાં જાયછે.?!! હું ત્હારાપર મોહીત થઇ, ત્હારી પાછળ આવ્યો છું. માટે હે સ્ત્રી તું ત્હારા ધન્યભાગ્ય જાણ. (હાથ તરછોડી નાંખીને)

કાળકા—અરે આ તને શું શુઝ્યું.?!! પણ એક ગુનો ત્હારો માફ કરી પ્રસન્ન થઇ કહું છું કે જે જોઇએ તે માગ. કારણ કે તું આટલી દુર આવ્યો; અને મ્હારો હાથ ઝાલ્યો!!માટે પ્રસન્ન છું માગ.

રાગ પીલુ દાદરો.

માગ માગ, (બેવાર) પ્રસનતાનો લાગ;
નહીં મળે ફરી; ઉદય ત્હારૂં ભાગ્ય. આજ દઉં કરી. માગ.
વડારાજની હોય, ઉમેદ તાહરી.
પુત્ર પુત્રાદિક, કર તે જાહરી, ખુશીથી બોલ;

અંતર ખોલ, થઇ ગઇછું આ વખતે રાજી;
કુંખમાં હોય તો જાગ-ભાગ, ભાગ. (બેવાર)

—— o ——

જયસિંહજી—અરે કમળ નયની ? !! બસ હું ત્હારાપર મોહીત થયોછું માટે કૃપા કરી, શાંતિ પમાડ. !!! એજ બસ માગું છું. !

રાગ સદર તાલ દીપચંદી.

(કહું શું નસીબે-એ રાહ.)

ઉમેદ મ્હારા મનમાં એ નારી, રાજી કરો મુજને મહેલે પધારી.
રાજપાટ અને પુત્ર વિગેરે; આપ ઉપરથી નાંખુ હું વારી.
નવેગ્રહે મ્હારા પલંગને પાયે; ખેંચીને બાંધ્યા છે મેંજ આ વારી.
મનમાં છે તુજસંગ રંગ રસ માણું, પુષ્પ તણી રૂડી સેજ સંવારી.
માટે કમળાક્ષી ચાલો ખુશીથી; શશીવદની, જાઉં બલીહારી.
(એવું સાંભળી, માતાજી એકદમ ક્રોધાયમાન થઇ શ્રાપ દેછે.)

માતાજી—રાગ ધનાશ્રીની લાવણી.

(ક્ષત્રી કલંકની રાહ)

ધિકધિઃક કોટી ધીક છે ચહુવાણ,
પાવોતો ત્હારા પાપે જશે રે:
મુખવિષે કેમ સમાઇ આ વાણ.
પાવો તો ત્હારા પાપે જશેરે;
કેમ મતી હીણ થયોરે ગમાર; પાવો.
જાર ધાર્યું તને ધિઃકાર ધિઃકાર. પા.
મોહ્યો નીશાચર સીતાનાર; પા.
રામે માર્યો ગતી તેજ ઉરધાર. પા.
ઇંદ્ર મોહ્યો જોઇ અહલ્યાનું રૂપ; પા.
થયું ભગંદર ભારે હતો ભુપ. પા.

ચંદ્ર ગળ્યો ગીયા ગુરૂ તણી જોઇ; પા.
લાગી કાળક કોડાંથી રહ્યા રોઈ. પા.
કૈ ગે દ્રૌપદીનો કરવા વિલાસ; પા.
વણ મોતે મર્યો, પામી ઘણો ત્રાસ. પા.
સિધરાજ જોઇ રાણકીનું અંગ; પા.
રાજ ખોયું થયો પરિવાર ભંગ. પા.
વળી હમણાંજ નેતબાઇ કાજ; પા.
ભ્રષ્ટ થયો મંડળીક ખોયું રાજ. પા.
કામદેવે કોને આપીયું ઇનામ; પા.
ભુંડું થવા તણું સુઝયું શઠ કામ. પા.
નવ ઓળખે માતા સતી કે નાર; પા.
હવે નક્કી તુજ બુરૂં છે થનાર. પા.
મારાં વેણ લાગશેરે ખચીત; પા.
ત્હારા મહેલ તણી થાશેરે મસીત. પા.
છટ દુરાચારી કાળું કર મુખ; પા.
કદી તુને મળવાનું નથી સુખ. પા.

———:૦:———

અરે હું ઘણી દયા લાવી, પણ છેવટે તેં આજ ધાર્યું ધિઃકાર છે.!! (એમ કહી માતાજી અલોપ થઇ જાયછે.) (રાજા નિરાશ થઇ ઉભા રહેછે.)

જયસિંહજી—અરે ગઇરે, ગઇ, !! એવી રંભા હવે ક્યાં મળે ?!!

રાગ સોહણીની ગજલ.

(કલસે તું એકલ હુવા ક્યા તું—એ રાહ.)

હાય !! મારી નેન કટાક્ષે મુજને ઘાયલ કરીને ગઇ; હાય. !!

ઘાયલ કરીને ગઈ, નિર્દય, છેટુજ એ થઈ. હાય.
ક્યાં જઉં ને હું શું કરૂં મુને સુઝતું કાંઇ નથી;
કમળાક્ષીના વિયોગે હું તો, કટારી ખાઇ મરૂં સહી. હાય.
જેમ મેઘની હોય દામની, એવી ચંચળ શુભ ભામની;
ખંજન નેત્રે નચાવીને સુધ બુધની પારધી થઇ. હાય.
ઇંદ્રાદિક દૃગપાળને (પણ) એવી મળવી છે દોહલી:
તેવી હાથમાંથી ગઇ, ગઇ, હવે ક્યાં બેઠું એને જઇ. હાય.

———:૦:———

અરેરે !! આ વસ્ત્રાલંકાર પણ મને ગમતાં નથી, !! આ માથાનું નવચરૂં મંદીલ, જંઝર વિંટચા તુલ્ય લાગેછે; અરે ! ! આ પોખરાજની માળા, ગળામાં ફાંસી તુલ્ય દુઃખ દેછે અરે આ શમ્સીર હવે મુનેજ મારનારી થઈ પડી. અરે આ સોનાનો જડીત જમઇઓ, આજ પેટને લાયક થયો. અરે ઓ નિર્દય, પ્રાણીઆ, ! ! તું શામાટે આ દેહમાં રહી કોમળ હૃદયને, ભાલાંનો પ્રહાર કરેછે. !! ધિક્કાર છે તને કે આવા સમયે; દેહને શાંતી આપવા, પોતાના સ્થાને જતો નથી !!! અરેરે હાય !! ચિત ચોરણી, ચિત ચોરણી. !!!

———૦:૦———

(રાજા જાયછે.) (એટલામાં વિદુષક આવેછે.)

વિદુષક—(મનમાં.) હાલોને એમ તો હું પણ કોઈ, હલવાઈની મિષ્ટાંનની થાળીને આડો પડું. જો મને આવી કેનો લાગનો કહ્યુંછે કે,

દોહરા.

પરદારા પર દ્રવ્યને દેખી જે લલચાય;
મળે નહીં તે પારકું પણ નિજનું પર જાય.

તંદુરસ્તી, અને દ્રવ્ય સુકુળ કુળવંતી નાર;
સુજશ, પુત્ર વિદ્યા મળે (જો)લલે લખ્યું કિરતાર.

પ્રવેશ ત્રીજો.

(સ્થળ દરબાર પતાઇ રાજાનો.)

(રાજાએ માતાજીનો હાથ ઝાલ્યો, આ વાત એક દાસીએ જોઇ) (અને તે વહેલી દરબારમાં જતી રહી.)

(મહેલના દરવાજા આગળ રાજા જાયછે. અને, ભાન આવછે.)

જયસિંહજી—અરે !!! (આશ્ચર્ય પામીને) આતે હું શું બોલું-છું. !! હેં !! અરે આ મેં શું કર્યું. !! હાય, !! શું ?!! માતાજીને મેં ન ઓળખ્યાં ?!! હાય !! અરે !! કામ ધિઃકારછે તને; કે મને તારા ફંદમાં ફસાવી અંધ બનાવી દીધો. અરે આ કામ તે મેં સ્વપ્ના અ-વસ્થામાં કર્યું કે !! જાગૃતપણામાં. !!? શું !! મ્હારી દેહ જાગૃત છે. ?!! (આંગળી ચાંપી જુએ છે.) અરે કામ !! તેં શંકરનુ વેર મ્હારી સાથે ક્યાં વાળ્યુ ?!! હાય; હાય તેં ઇંદ્રને ભમાવી ગૌતમ ઋષિનો શ્રાપ દે-વડાવ્યો. !!? તો, !! હું, ત્હારા, શા લેખામાં. !! અરે ?! હાય, પવિત્ર જનુનીને; મેં, ન કહેવાનું કહ્યું. !! હાયહાય, પાપી પ્રાણ તું શામાટે દેહમાં રહ્યો છે. !!? શું?!! હું આપઘાત કરૂં ?!! હાય હવે, માતાજી મ્હારી વિનંતી સ્વીકારશે.?!! હાય !! હાય!! શીરીતે સ્વીકારે !! અરે હ-વે શું મોઢું લેઇને માતાજીના સ્થાનકે જઉં કદાચ, વિશેષ કોપ કરે!! હાય ?! હાય !! જે બનવા કાળ હોયછે । તે બનેજ છે. !! હાય હવે શું કરવું. ?!! અરે !! હાય દૈવ ત્હારી શી ?!! ગતી,!! (એમ કહી મુ-ર્છીત થાયછે. (રાજા દરબારના આગળ, મુર્છિત થઇ, બેસુધીમાં બેશી જાયછે.) (દરબારના ઓરડામાં સુરજબા બેઠાં છે.)

સુરજબા—અરે?! આજ, પ્રાણજીવન ! ક્યાં પધાર્યા છે. ?!!

(મનમાં) શું!! અટારી પરથી ઉતરી, ક્યાં ગયા હશે; અરે?!! આ રજની‌ના વિષે, મૃગીઆ રમવા તો ગમન નહીં કર્યું હોય, ? !! (એટલામાં વિવેચના દોડતી દોડતી આવેછે.)

વિવેચના—(રાણીને) બાઇ સાહેબનું સૌભાગ્ય અખંડ રહો (સલામ કરે છે.)

સુરજબા—અરે વિવેચના ?!! આજ તું હમણા સુધી ક્યાં ગઇ હતી. ?!!

વિવેચના—અનદાતાર ?!! જે વખતે મહારાજ અટારી ઉપરથી ઉતર્યા ત્યારે તેમની વૃતિ મેં બદલાએલી જોઇ ત્યારે મેં એવું વિચાર્યું કે મહારાજ ક્યાં પધારે છે. ?!! ત્યારે હું થોડી દૂર પાછળ પાછળ ગઇ, ત્યાં એક વાત એવી વીપરીત બની જે કહેવાને મ્હારી જીભ અશકત છે. !! (ચુપ રહે છે.)

સુરજબા—અરે !! આતે શું ?! બોલે છે !! એવી તે શી વાત બની તે જલદી કહે. !!

વિવેચના—સહુણી બાઈ, શું કહું. !!

રાગ સીંધ ભેરવી ગજલ.

(હમતો આશક હૈતેરે—એ રાહ)

શું કહું બાઇ એક વાત વિપરીત બની;
કહુંછું જેવી બાઇ તેજ છે પરતીત બની. શું.
કાળકા માતાના પાછળથી આવી રાજાએ;
હાથ ઝાલ્યો તેમાં બંનેમાં વાતચીત બની. શું.
બોલ્યાં માતા કે હું પ્રસનછું જે જોઇએ તે માગ;
ત્યારે જયસિંહજી બોલ્યા એવું અનીત બની શું.
ચાલો મુજ મહેલમાં પટરાણી કરી રાખું;

રહો હર્ષિત થઈ શયનમાં મુદીત બની. શું.
(રાણી દાંતમાં આંગળી પકડી ઉભાં રહે છે)
ત્યારે માતાએ ક્રોધાયમાન થઇ દીધો શ્રાપ;
જાશે તુજ રાજ, ત્હારા મહેલની મસીત બની, શું.

—:૦:—

સૂરજબા—અરેરે દાશી ! ! આ તું શું કહે છે. ! એજ પ્રમાણે થયું ? અરેરે ! હવે શું કરવું. હાય ! હવે શું થશે, પણ મહારાજ પધારેતો કહું કે બળતા ઘરમાંથી જે નીકળે તે લાભ (એટલામાં મહારાજ જાગૃત થઇ દરવાજેથી આવે છે.)

જયસિંહજી—અરે શશીવદની ! ત્હારું કમળ વદન કરમાએલા સરખું કેમ લાગે છે વારૂ ?

સૂરજબા—પ્રાણપતી કંઇજ નહીં, પણ ઘર બળતું હોયતો શું કરવું ? !

જયસિંહજી—જે કાંઇ નીકળે તે કાઢવું ! ને કાઢતાં ન નીકળેતો નશીબજતો ? !

સૂરજબા—શિરછત્ર વળી આંખ્યો દૂખવા ઉઠી હોય ને જવા બેઠી હોય ! ત્યારે શું કરવું ? જવા દેવી. !

જયસિંહજી—દવા કરી જોવી. ને ન મટેતો તકદીર !

સૂરજબા—પ્રાણપતી પર્મેશ્વરના ઘણા ગુના કર્યા હોય તો શી રીતે છુટીયે ? !

જયસિંહજી--માફી માગવાથી ? !

સૂરજબા—ત્યારે પ્રાણજીવન ! મ્હારું કહેવું એટલુંજ છે કે—

રાગ મજકુર તાલ તર્જ સદર.

જાઓ માતાના મંદીરે તમે પુજાપો લઇ;

થાએ કેમ રાજનું શુભ માતાના શ્રાપો લઇ. જાઓ.
જઇને પાય પડો અને દંડવત કરો;
સ્વર્ગમાં શી રીતે જાશો ? આ સાથે પાપો લઇ. જાઓ.
શંખીણી પત્નિ જેમ પતીને સંતાપે બહુ;
જ્ઞાનતો આવે જ્યારે બેશે એ રંડાપો લઇ. જાઓ.
ચક્ષુમાં દર્દ થતી વખતે દવા ન કરે;
ભીંતે ભટકાય પછી આંધળો અંધાપો લઇ. જાઓ.

જયસિંહજી—(ક્રોધથી)

રાગ ધનાશ્રી લાવણી.

(ક્ષત્રી કલંક કેમ લેશેરે એ રાહ)

ચુપચુપ હવે શું આપે તું શીખ રજપૂત પૂત કેમ ડરેરે.
નહીં જાઉં મંદીરે માગવા ભીખ. રજપૂત.
જે થવાનું હોય તેતો ભલે થાય; રજપૂત
કદી આકાશ પાતાળમાં સમાય. ,,
દીનકર કદી આવે ધરા પાસ; ,,
બાળે તાપથકી જગ આપી ત્રાસ. ,,
દધી નીર દુનીઆમાં ફેલાય; ,,
ટુટી પૃથ્વી રસાતાળ જાય. ,,
શેષ નાગ કદી ગળે લપટાય; ,,
સીંહ બેટી કદી શરીરને ખાય. ,,
જમ આવી કદી ખેંચી કહાડે પ્રાણ; ,,
દેવ દાનવ ને માણુસ શું જાણુ. ,,

સુરજબા— રાગ પીલુ તાલ દીપચંદી

(કહુ શું નસીબે એ રાહ)

પ્રાણ પતી આપ નહીં અકળાશો; લઇ પ્રજાપો ને મંદીરે જાશો. પ્રા.

હમણાં હુંપર કોપ કરોછો, પણ પાછળથી પોતે પસ્તાશો. પ્રા.

જંગ છતો આપ ખેલની પેઠે; પણ આ કામ તો ન્હોય તમાશો. પ્રા.

—:૦:—

જયસિંહજી—(લાવણી. ક્ષત્રી કલંક કેમ. એ રાહ.)

વળી વદીઆવાં કાયર વચન-લજાવ્યું તેંતો ઘર મ્હારૂંરે.

મોટી હોળી સળગાવી મ્હારે મન. લજાવ્યું.

રોમ રોમ પ્રગટી છે મુને આગ: લજા૦

હતી સીંહણ ને નવ આ શિયાળ. લજા૦

બસ બક બક નવ કર નાર; લજા૦

વધુ બોલી તો મારીશ તલવાર. લજા૦

સુરજબા—અરેરે !! પ્રાણપતી !! આપ વિચિક્ષણ, અને તીવ્ર બુદ્ધિમાન છતાં આ શું બોલોછો. !! હાય !! હાય !! આપના પવિત્ર અંતઃકરણમાં કુમતીએ વાસ કેમ કર્યો. !!? (રાજાની વૃતી બદલાય છે. અને બોલેછે)

જયસિંહજી—અરેરેરે !! શું !! હું મ્હારી, સુમતીવાન પતીવ્રતા પ્રીયાને ધિઃકારૂં છું !! હાય !! હાય !! જેના હૃદયકમળને, હું સુધા વચનોથી સિંચિત કરતો. !! તેના ઉપર શું મેં !! કટુ શબ્દોરૂપી તીક્ષણ બાણોનો પ્રહાર કર્યો. !!! હાય શું મેં વછનાગનો નિશો કર્યો છે, ? !! ના, ના !! મદ્યપાન પણ નથી કર્યું.!!! શું ત્યારે!! આ, મ્હારી વૃતિ ઘડીએ ઘડીએ કેમ બદલાય છે.

સુરજબા—અરેરે પ્રાણજીવન, !! શામાટે, અફસોસ કરોછો હું-

તો આપની, દાશીજ છું. કદી મુને કહ્યું તો શું થયું. !! પણ જો માતાજીને દંડવત પ્રણામ કરી ફરગરો તો બહુ સારૂં. પ્રાણજીવન ! !

જયસિંહજી—પ્રીયા !! તું જે વાક્ય વદેછે. તે સહુ હું સમજુ છું. પણ તેમ કરવામાં મ્હારી મતીને, હકારમાંથી, નકારમાં, ફેરવનાર, કોણ જાણે કોણ છે !! કે મને કોઇ વાતની સુઝ પડતી નથી મ્હારૂં ચિત ભમ્યા કરેછે. હાય !! બસ હું દીવાનખાનામાં જાઉંછું ચાલ જીવ સદા (રાજા જાયછે)

(રાજા દીવાનખાંનામાં જાયછે અને બાઇ દાશીને કહેછે.)

સુરજબા—અરે !! હાય !! વિવેચના !! હવે શું થશે. !! અરે દૈવ !! ત્હારી ગહન ગતી છે. !! તું જે ધારે તે, કરવા શક્તિમાન છે.!!

રાગ આશાવરી. તાલ લાવણી.

(નૈના પીયા સંગ લાગેરે. એ રાહ.)

અરે !! તેં શું ધાર્યું કીરતાર; મતી કયાંજ ગઇ આધાર, રે
રે હાય—રેહાય—હાય હાય તેં શું ધાર્યું.

દોહરા.

મત બદલે છે જાહરે જ્યારે બદલે કાળ;
શુભ નરતું સુઝે નહીં છેદે બેસણ ડાળ; અરે.
દયા લાવજો દીનપર ત્રીશુળ ખપ્ર ધરનાર;
દુઃખ ટાળક છો કાળકા સુણજો મુજ પોકાર. અરે.

વિવેચના—મ્હારાં સોહાગી બાઇ સાહેબ, આપનું અશ્રુપાત કરવું દેખી મ્હારૂં હૃદય ફાટી જાયછે ? ! !

રાગ સદર તાલ દીપચંદી.

અશ્રુ આપના આંખે નિહાળી; હૃદય કમળતણી સુકાય ડાળી. અ.
ઉત્તમ કુળછો, ગુણમાંહી ઉત્તમ; દંપતીની પ્રભુ કરે રખવાળી. અ.

સત્ય તમારાથી સારૂંજ થાશે: દિલ ધરશેજ દયા મહાકાળી. અ

સુરજબા—હાય !! હાય !! વિવેચના, !! વિચારી જોકે, કામદેવે કોનું ભલું કર્યું !!

રાગ બીલાવર દાદરો.

(નાથ નવ કરો. એ રાહ.)

સુણ વિવેચના, !! દુ:ખદ વાદળ આવ્યું રે; સુ.
પ્રીતમે પ્રીત; તોડી ખચીત; અવળી રીત;
ધારી ધટીત; સ્પષ્ટ આ દર્શાવ્યું રે. સુ.
કર્મ ચહુવાણનું; મરણ શોધી લાવ્યું રે;
અરરહાય; શું રેથાય; ! ! પાવાના રાયે;
મુકી માઝાય; વિનાશને સજાવ્યું રે. સુણ.

વિવેચના—મ્હારાં સુજ્ઞ બાઇ સાહેબ ?!! આપ તો ચૌદ વિધા ગુણુજાણ છો, માટે અંત:કરણે વિચારો કે; જે પળે જેમ પ્રભુ રાખે, તેમ રહીએ. !! પ્રભુની એવી કળા છે કે; માસણ સુખમાં ગર્વ, ધરે તો તેનું, સુખ લઇલે; અને દુખમાં શાંતી ધરે તો તેનું દુ:ખ લઇલે !!

રાગ આશાગોડી તાલ દીપચંદી.

(કામ છે દુષ્ટ વિકારી એ રાહ.)

ત્યાગોને ચિત્ત ચિંતાય બાઇ મ્હારી ત્યાગોને ચિત ચિંત્યાય.
શાને લુંખ્યું જે વિધિએ ભવિષ્યમાં, મીનમેખ નવ થાય. બાઇ.
સતી મંદોદરીએ શીખ દીધેલી, માની ન રાવણરાયે. બાઇ.
કરમ આગળ કોટી શાણા અને લખ, વિદ્વાન ગોથાં ખાય. બાઇ.
માટે રાણીજી ત્યાગોને ચિંતા વળે શું કરે હાય હાય. બાઇ.

માટે બાઈ સાહેબ વિચારોકે રાવણ ઇંદ્ર અને ચંદ્ર એ કાંઇ ઓછા અક્કલમંદ હતા.?! પણ થનાર આગળ કોઇ ડાહ્યું નથી. ! જે વાત નથી થવાની તે કોટી ઉપાયે નથી થવાની, ને જે વાત થવાની છે તે લાખ નકારથી પણ થશેજ. માટે મ્હારાં વિચીક્ષણ બાઇ કર્તાની એવી ક્રિયા છે કે તે સાંભળે છે, સર્વની પણ કરેછે પોતાના દીલની ! !

સુરજબા—મ્હારી ડાહી દાસી ત્હારૂં ભાષણ સત્ય ભરેલું છે. પણ શું કરવું. દિલ કહ્યું નથી કરતું.

છંદ લલિત.

નમન હું કરૂં કાળકા તને, દિન સુતા ગણી માફ દો મુને,
અવર જાણીને વેણ જે કહ્યું, કપટ હું પતીએ નથી લહ્યું;
સત ભગીરથી પાપ પાતની કંઇ જનો પીએ ન્હાય કોજની.
પરમ સાગરાં રોપ ના ધરે, જળ વહાણતો કાપતાં ફરે.
સુઘનસારને બાળતાં કદી, નવ જણાવશે વાસમાં બદી.
સજ્જન આ થકી ઓળખાય છે, અહિત લોકનું હીત ચ્હાય છે.

વિવેચના—બાઇ સાહેબ!! શાંત થાઓ શાંત થાઓ! પ્રભુ સૌ સારાં વાનાં કરશે. આપ જાણોજ છોકે મોટું કોણ કે જેનું પેટ મોટું. જેમ સાગરમાં જે કાંઇ હોય તે સમાય. સાગર રત્નને પણ સંઘરે છે, ને મળને પણ સંઘરે છે.! દેવલોકોને કાંઈ વાત અડતી નથીજ, જેમ અંગારાને ઉધાઇ. !

સુરજબા—વિવેચના ! પણ એમતો શાબિતજ થયું કે ? ની! કે ઉધાઇને બળી મરવું હોય તોજ લાળાને ચઢે. ! (પરદો પડે છે.)

પ્રવેશ ચોથો.

(જયસિંહજી મહારાજની કચેરી.)

જયસિંહજી—ડુંગરશી સુર રણજીતસિંહ વિગેરે વિગેરે.

પ્રતિહાર—મહારાજ પ્રતાપબળ પાવાપતીને ઘણી ખંમા. !

ડુંગરશી—મહારાજાધિરાજ આપ શા વિચારમાંછો. ! આપના ચેહરાનો રંગ ચાર આની કમી થયો હોયની? એમ માલમ પડે છે અનદાતાર !

જયસિંહજી—ડુંગરશી શું કહ્યું. ફરી કહો મ્હારા સમજવામાં ન આવ્યું. !

ડુંગરશી—અનદાતાર !! હુંતો એમ કહુંછું કે આપના વદન કમળનો રંગ જરા ઝાંખો દેખાય છે; જેમ ઉષ્ણ પવનથી કમળનો.?!

જયસિંહજી—નાના !! કંઇજ નહીં. એતો હું કાંઇ વિચારમાંછું. કે, પર્મેશ્વરે, તારાઓને પડતા મુકી. ચંદ્ર અને સુર્યના કરમમાં કાં, ગ્રહણ લખી દીધું. !!

ડુંગરશી—મહારાજાધિરાજ. આપ જાણોછો કે—ન્હાનાને ન્હાનું દુખ, ને વડાને વડું દુખ.

પ્રતિહાર—ગરીબપરવર ! મદનકળા આવે છે. !

જયસિંહજી—આવવા દ્યો એને,કે જરા મ્હારી તબીયત શાંત થાએ. (મદનકળા આવે છે અને નાચતી વખતે ગાય છે)

મદનકળા— રાગ ભીમપલાસી કલ્યાણ તાલ દાદરો

(કકરીઆ ન મારો જાન લગ જાયગી એ રાહ)

નજરીયા ન મારો જાન મરજાઉંગી. (ટેક)
નેના કટારી સૈયાં પાર ઝીગર જાત;
મારે દરદકે મેં બિષ ખાઉંગી. ન.

ઘાયલ બન ગયી નેનવા લગ ગઈ,
બછીઓ ડુંગરવાકે પાર. ન.
સનનનસનનન ચલત બાન દૃગનવા;
અરર, અરર, બસ !! મરજાઉંગી.

જયસિંહજી—ડુંગરશી, આલલિત નાયકાને, એક હઝાર રૂપીઆ તથા પોશાક આપી વિદાય કરો, એણેપણ એક અત્તયબ રસ જમાવી દીધો. ! !

જયસિંહજી—ડુંગરશી ?! ઘાયલને શાનો ખપ ?!

ડુંગરશી—મહારાજાધિરાજ, ઘાયલને ખપ મલમનો. ! !

જયસિંહજી—વારૂ, ઘાયલ કેટલી જાતના થાયછે. ? તે કહો ને કીયા કીયા ? !

ડુંગરશી—સાહેબ. !! બે જાતના ઘાયલ, !! એક ઇશ્ક ઘાયલ, ને બીજો શસ્ત્ર ઘાયલ !!

જયસિંહજી—અરે એક વાત મુને યાદ આવી;

રાગ ઝીંઝોટી ગજલ.

(બાતુમેં ઉસ પરીને ગુમાઈ. એ રાહ.)

પ્રધાન વાત મ્હારી આજ ધ્યાનમાં ધરો;
ધ્યાનમાં ધરો કહું જે કામ તે કરો. પ્રધાન.
નગ્રમાં જઈ તમો ખણુ ખોતરીને આજ;
પકડી લાવો વિપ્રો ઋષિને મુનિશ્વરો. પ્રધાન.
ષટ શાસ્ત્રને પુરાણુ વેદ ગીતા ભાગવત;
ગ્રંથો સહીત વિપ્રોને જોજોના વીસરો. પ્રધાન.
વેગે સર્વે વિપ્રો પકડી લાવો મુજ હજુર.
તરંગ મ્હારા મનમાં છે તે હું કરૂં ખરો. પ્રધાન.

માટે એક દમ જઈને; નગ્રમાં અને જંગલમાં, જેટલા ઋષિ લોકો અને બ્રાહ્મણો હોય તે સર્વેને મ્હારી રૂબરૂ હાજર કરો. એકદમ જાવ. !!

(પ્રધાન સર્વે બ્રાહ્મણોને બોલાવા માટે જયછે, અને લોકોને પણ મોકલે છે.) (એટલામાં વિદુષક બુમો પાડતો પાડતો આવેછે.)

વિદુષક—અરે માર્યારે, માર્યારે મ્હારા બાપ, ! ! (હાંફેછે.)

પ્રતિહાર—અલ્યા શું છે? ! ! શામાટે બુમો પાડેછે. ? ! બોલ ! !

વિદુષક—સાંભળો સાહેબ ? ! હું મ્હારી અલી પાસે, શૃંગાર સાગરમાં ન્હાવા જતાં કીચડમાં લપશી પડ્યો હતો. એટલામાં; ત્યાંથી હળકીને નાઠો; જુઓ પેલું કોણ આવેછે. ? ! !

રાગ પીલુની લાવણી.

(એક ગેંદ બિનુંદી પ્યારી. એ રાહ.)

પ્રધાન નગરમાં જઈને, આવ્યા વિપ્રોનું લસ્કર લઈને.
હાંકી લાવ્યા જોયે જોથાં; પકડી પકડી એમના ચોથાં;
સાથે લઈને સર્વે પોથાં; આફાપાક દઈને. પ્રધાન.

(એટલામાં ડુંગરશી આવેછે. વિદુષક ચુપ રહેછે.)

ડુંગરશી—પ્રતીપાળ. ! ! સર્વે બ્રાહ્મણો, પધારેછે ! ! !

(એટલામાં બ્રાહ્મણો આવેછે.)

બ્રાહ્મણો— **રાગ પીલુનો કહારવો.**

તેરી સાંવલી સુરત—એ રાહ.

રહો રહો અચળ ચહુવાણુ નરેશ; રહો રહો.
ચહુવાણુ નરેશ, પામો સુખ હમેશ. રહો રહો.
ભારત ને વળી ભરતખંડમાં પ્રગટ થયાછો ભાણુ;
છત્રીસ રાજકુળ કુળની છત્રીપટ ચહુવાણુ. રહો.

જયસિંહજી—મહારાજ આપને દંડવત પ્રણામ કરૂંછું. !!

બ્રાહ્મણો—કલ્યાણ ભવ: રાજા કલ્યાણ ભવ: (આસીર્વાદ આપેછે. (બ્રાહ્મણોને માટે પાટ બીછાવેલાં છે. ત્યાં બીરાજે છે.)

જયસિંહજી—ગુરૂદેવ ! કૃપા કરી શ્રવણ કરશો. ?

રાગ તાલ મજકુર તર્જ.

જોઇ શાસ્ત્રોને વાત કહો મુને સાચીરે; જોઇ.
મુને સાચીરે સર્વે ગ્રંથો વાંચીરે. જોઇ.
હાથો હાથે પીંડ શી રીતે લે મ્હારા ગુરૂરંગ; જોઇ
વદોવેદ વિલોકીને વળી નિરખી ચારે યુગ. જોઇ.

વળી, નજુમથી તપાસ કરી જુઓ કે; કોઇનો દીધેલો શ્રાપ નિવારણ શી રીતે થાય, ? ! !

(સર્વ બ્રાહ્મણલોકો શાસ્ત્ર ઉઘાડીને જુવેછે.)

(એટલામાં વિદુષક, બહારની બાજુએ જુવેછે.)

વિદુષક—લાવોને હું પણ મ્હારા સંબક લંબામાં જોઉં. ?!! (એમ કહીને બહુ લાંબુ ટીપણું કાઢેછે.) જુએછે, ને (બોલેછે.)!

દાદુરા ઉઘડીઆ. (ઉખાણા.)

ધન મકર, મન મકર, તનમકર જોયું;
મકરમાં ને મકરમાં તો જગતે બધું ખોયું. ૧
મકર અને ડકરવાળું: જગત બધું દીઠું;
ડીંગ ડકરમાં ભભરાવે છે, મરચાં અને મીઠું. ૨
કુંભ ભરી મકરમાંહી નારી આવે ચાલી;
મીન જેવી આંખીયું, ચમકાવે મ્હારી વ્હાલી. ૩
હોય પતી વૃષભ જેવો મેષ જેવો જાણી,
લાંબે હાથે છાજીયાં લે બેસે છેડો તાણી. ૪

મકરમાંને ડકરમાંહી જગત બધું પેઠું;
હાથે હાથે અન આવરદા ઓછી કરી બેઠું. ૫

(એમ સભાસદોની સામું બોલીને બેશી પડે છે.)

જયસિંહજી—મહારાજ ! ! આપે ખુલાસાવાર હકીકત શોધી કાઢીકે ? ! !

બ્રાહ્મણો—હાં ! ગોબ્રાહ્મણ પ્રતીપાળ સાંભળો.

રાગ પીલુનો કહારવો.

(તેરી સાંવલી સુરત એ રાહ)

પાવાપતી શાસ્ત્રોની છે એવી મતીરે.પાવા. (બેવાર)
ઘણી તપાસે ને ઘન આશે શોધ્યો છે પ્રયોગ;
ધોળો હાથી હોય તો હમણાં લાવી દઇએ જોગ. પાવા.
ધોળા હાથીની છાંયામાં બેશી કરીએ યગ્ન;
હાથોહાથે પીંડ વડઉવા લે દિલમાં થઈ મગ્ન. પાવા.

બ્રાહ્મણો—મહારાજાધિરાજ ! ! આપ એક વખત સફેદ હાથી મંગાવો. પછી અમો વિધીપૂર્વક યજ્ઞ કરશું. તેમ કરવાથી, અમે તેવો આપ, નિવારણ થઈ શકેછે. ! !

જયસિંહજી—વાહ ! વાહ ! ! શી વાત કહી; અને એ વાત કરવી મહારા આગળ શી મોટી વાત છે. સફેદ હાથી, અહેમદાવાદના બાદશાહ મહમુદશાહને ત્યાંછે તેને લાવતાં મને શીવાર, ! ચાતકને બુંદ ગ્રહણ કરી લેઇ જતાં શાનો વિલંબ! મેદાનમાં ફરતી ચકલીયો બાજને પકડી લાવતાં શાનો જોખમ કોઇ હાઝર છે ? !

સુર—મહારાજાધિરાજ શો હુકમ છે ? ફરમાવીએ.

જયસિંહજી—હમણાં પચાસ માણુસ લેઇ વાસદ ગામ આ-

ગણી જઇને મહમુદશાહનો સફેદ હાથી હાંકી લાવો.

રાગ ઝીંઝોટી ગજલ.

(બાતોંમે ઉસ ખરીનેને ગુમાહ એ રાહ)

એક હાથી મહમુદશાહનો સફેદ હાંકી લાવ;
સફેદ હાંકી લાવ ઝટપટ અહીંથી જાવ. એક.
એક વાત સ્હેજ એ છેકે નદી મહીંદ્રીપર;
હાથી ચરે ઘલાયદહ પણ ઠીક છે બનાવ. એક.
સાથ શસ્ત્રો લેઇ સર્વે જાઓનેજ ત્યાં;
હસ્તી હાંકી લાવો તમારો કરી બચાવ. એક.
જો જાણું બાદશાહતો ચિંતા નથી ચિતે;
આખર લડાઇનોજ છે સુજ મનમાં ઠરાવ. એક.

—:૦:—

(તે વખતમાં ચરાસ વધારે હોવાને લીધે હાથીઓ ત્યાં રાખવામાં આવતા હતા)

સુર—બહુ સારૂં અનદાતાર ! પ્રતીહાર ! પચીસ પચાસ માણુસને વરદી આપકે તૈયાર થાય (પ્રતીહાર જાય છે અને પચાસ માણુસ આવે છે)

જયસિંહજી—બસ ! એકદમ જઇ, બાદશાહનો સફેદ હાથી હાંકી લાવો ! ! (વાસદ જનારા લોકો ગાય છે.)

રાજ જંગલા તાલ એક તાલા.

(ચોહારે રંગ બીના બનેકા એ રાહ.)

૧ સિ:હાંજી, હાં ચલો ચલો મીયાંજી. (બેવાર)
૨ સિ: ચટક પટક કપડે ઝટક,
૩ સિ: સબઆવતો કોડારૂમેં પટક, (૪) જલદીચલ.

૫ સિ: આવીગિફલ. (૬) સિ: હમગાઝી હું રાઝી.
૭ નહીં નાજી. (૮) હું હાંજીહાંજી=(૧) ચલે ચલો મીયાંજી.

(સઘળા માણસો હાથી લેવાને જાય છે.)

જયસિંહજી—ડુંગરશી,! આ મહારાજાઓને સો સો મહોરો આપી વિદાય કરો. અને પાંચ પાંચ મહોરો વિશેષ દક્ષણાની બક્ષો.

બ્રાહ્મણો—મહારાજા કલ્યાણ થાવ કલ્યાણ થાઓ. (જાયછે)

જયસિંહજી—હવે કચેરી બરખાસ્ત કરો.!! મ્હારા દીલને હમણાં કરાર નથી માટે હવા ખાવા ઉપવનમાં જવાનો ઇરાદો છે (બરખાસ્ત કચેરી થાય છે.)

પ્રતિહાર--ગૌબ્રાહ્મણ પ્રતીપાળ પાવા પતીને ઘણી ખંમા.!

પ્રવેશ પાંચમો.

(સ્થળ મહેમદાવાદ મહમુદ બાદશાહની કચેરી.)

મહમુદશાહ, મલાકિઅખાંન, મલિકસિહાદ, મલિકસારંગ વગેરહ

મહમુદશાહ—કાજીસાહબ?! ખુદા પાક કીસ બાતસે ખુશ હોતા હય.!!

નઝમુદીન—જહાંપનાહ!! એતેકાદસે ખુશ હોતા હય!! એતેકાદહય!! યહી ઇમાન હય. ઇમાન ઓર શય નહીં.!! ક્યુંકહ હદીસ શરીફમે આયા હય કેહ ઇમાન દરમ્યાન, ખોફ, વઉમેદ કે હય. જીસ શખ્સને કે ઉસ્પે ભરોંસા ન રખ્ખા. ઉસ્કે ઇમાનમેં ખલલ હય. સબ કામ સીવા ખુદાકે કોન કર શકતા હય.?! હરાના, ફીરાના, ખીલાના, પીલાના, દેના દીલાના સબકામ ઉસ્કે અખ્તીયારમેં હય. ઇન બાતોંમેં બરોંસા ન રખ્ખા, વોહ બેઇમાન હો ચુકા; ઓર ઇમાન મેં, ખલલ આયા તો મુશરીકમેં ઓર ઉસમેં ક્યા કુછ તફાવત?! મોમીન

ઓર હેં ય. ઇસ્માનપે બારોટકો, કબિત યાદ હય; સાવ, કહો. !!

બીમા બારોટ—અંનદાતાર એ વિષે કવીત એછે જે—

મિષ્ટ બચન બોલન તેં, મનખ ન કહાત કહું;
રમન કરન કીર કૈવા બહુ તલવલવાત હેં.
મોલદાર કનક છત્ર તખ્તતેં ન રાવ હોત;
ટાઇટ બનનાટકી નરેશ ભટકાતેં હે.
આરજનીયા; સનકા તેં હોત ન ગવૈયા કાફિ.
સુકીન સંગ બવૈયન, પવૈયન ચિલ્લાતે હેં.
ભાખઝખ માંસ ભખનતેંજ નહીં મોમીન, વહ;
ઇકમાંસ; જર્ખે શિયાલ કુત્તેબી ખાતેહે.

(ઉપરના કવીતની દરેક લીટીનો પહેલો અક્ષર જુઓ. !!)

